Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B. 431

श्रीमद्विजयानन्दसूरि सद्गुरुभ्यो नमः

श्री

# આત્માનન્દ પ્રકાશ.

( દર માસની પૂર્ણિમાએ પ્રકટ થતું માસિકપત્ર. )

॥ शार्दूलविक्रीडितवृत्तम् ॥

कारुण्यान्न सुधारसोऽस्ति हृदयद्रोहान्न हालाहलं ।
वृत्तादस्ति न कल्पपादप इह क्रोधान्न दावानलः ॥
संतोषादपरोऽस्ति न प्रियसुहृल्लोभान्न चान्यो रिपु ।
र्युक्तायुक्तमिदं मया निगदितं यद्रोचते तत्त्यज ॥

પુ૦ ૨૬ મું. વીર સં. ૨૪૫૫. પોષ. આત્મ સં. ૩૩. અંક ૬ ઠો.

પ્રકાશક—શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર.

## વિષયાનુક્રમણિકા.


| | | | |
|---|---|---|---|
| ૧ જિન મહિમા. ... ... ... | ૧૩૯ | ૭ ગૃહપતિ તેનું જીવન અને કર્તવ્ય.. | ૧૪૯ |
| ૨ પરભવનું ભાથું. ... ... ... | ૧૪૦ | ૮ ધન સંબંધી કંઇક. ... ... | ૧૫૧ |
| ૩ કેળવણી શું કહે છે. ... ... | ૧૪૦ | ૯ ચાલુ ચર્ચા માટે કંઇક. ... ... | ૧૫૬ |
| ૪ ખરૂં સુખ શેમાં રહેલું છે ? ... | ૧૪૧ | ૧૦ વર્તમાન સમાચાર. ... ... | ૧૬૩ |
| ૫ જૈનસાહિત્યના બોધદાયક પ્રસંગો... | ૧૪૪ | ૧૧ સ્વીકાર અને સમાલોચના. ... | ૧૬૫ |
| ૬ ત્રણ પ્રકારના આત્માઓની સમજ.. | ૧૪૬ | ૧૨ સુધારો. ... ... ... ... | ૧૬૬ |


મુદ્રકઃ—શા. ગુલાબચંદ લલ્લુભાઇ. આનંદ પ્રી. પ્રેસ સ્ટેશન રોડ—ભાવનગર.

વાર્ષિક મૂલ્ય રૂ. ૧) ટપાલ ખર્ચ ૪ આના.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અમારો સત્કાર.

આ વર્ષના પ્રથમ અંકમાં નિવેદન કરેલ પ્રમાણે સ્ત્રી ઉપયોગી વાંચન તરીકે "સ્ત્રી વિભાગ વાંચન" દરેક અંકમાં આપવામાં આવે છે, તે માટે કેટલેક સ્થળેથી પ્રશંસાના પત્રો અમોને મળતાં અમોને આનંદ થાય છે. હાલમાં જેમ સ્ત્રી વિભાગ વાંચન આપવામાં આવે છે તેમ વિદ્યાર્થી વિભાગ વાંચનને પણ અમારા આ માસિકમાં સ્થાન આપવા માટે પરમકૃપાળુ મુનિરાજ શ્રી કર્પૂરવિજયજી મહારાજ તરફથી આજ્ઞા થઇ છે; તેટલુંજ નહિ પરંતુ તે વિભાગના લેખો પણ નિરંતર માસિક માટે લખી મોકલવાની કૃપા જણાવી છે તે ઉપકાર સહિત સ્વીકાર કરવામાં આવે છે અને આવતા માહ માસથી તે "વિદ્યાર્થી વિભાગ વાંચન" પણ માસિકમાં જ્યાં સુધી તે માટે લેખો મળ્યા જશે ત્યાં સુધી નિરંતર સ્થાન આપવામાં આવશે. આ વિષય અને "સ્ત્રી વિભાગ વાંચન" માટે અન્ય લેખક મહાશયોને લેખો મોકલવા આમંત્રણ કરીએ છીએ,

# સુંદર ફોટાઓ. (છબીયો.)

કલકત્તાવાળા નથમલ ચાંડલીયા ફોટાગ્રાફરે હાલમાં એવા વિવિધ રંગોથી તૈયાર કરાવેલ સુંદર ફોટા મનોહર અને આકર્ષક બહાર પાડયા છે, કે જે જોતાંજ ખરેખર ભક્તિ રસ ઉભરાઇ ગયા સિવાય રહેતો નથી.

| નામ. | સાઇઝ. | | કીંમત. |
|---|---|---|---|
| ૧ શ્રી કેસરિયાજી મહારાજ | ૧૫×૨૦ | | ૦-૮-૦ |
| ૨ શ્રી ચંદ્રગુપ્તના સોળસ્વપ્ના. | ,, | અર્થસહિત. | ૦-૮-૦ |
| ૩ મધુબિંદુ. | ,, | સમજણસહિત. | ૦-૬-૦ |
| ૪ ષડ્લેશ્યા. | ,, | ,, | ૦-૬-૦ |
| ૫ શ્રી જીનદત્તસૂરિજી ( દાદાસાહેબ ) | | ,, | ૦-૬-૦ |
| ૬ શ્રી પાવાપુરીનું જલમંદિર. | ૧૬×૧૨ | ,, | ૦-૪-૦ |
| ૧ શ્રી મહાવિરસ્વામી. | ,, ૧૫×૨૦ | પુનાવાલાના પ્રકટ થયેલ | ૦-૮-૦ |
| ૨ શ્રી ગૌતમસ્વામી મહારાજ. | ,, ૧૫×૨૦ | પુનાવાલાના પ્રકટ થયેલ | ૦-૧૦-૦ |

**સમ્મેત શિખરતીર્થ ચિત્રાવલી**—કે જેમાં પવિત્રતીર્થ શ્રી સમેતશિખર ઉપરના તમામ દહેરાઓ, ધર્મશાળાઓ, પાદુકાઓ, વિગેરેના મળી સુંદર આર્ટ પેપર ઉપર છાપેલ લગભગ સાઠ ફોટાઓ, મુખ્ય શિલાલેખો વિગેરેથી પાકા સોનેરી બાઇન્ડીંગથી બુક અલંકૃત કરેલ છે, ઘેરબેઠા દર્શનનો લાભ મળી શકે છે. ફોટાઓ ઘણાં જ સુંદર અને દેવાલય પાદુકા-નાળા જળાશયો વગેરેની સમજણ સાથે ફોટાઓ આપેલ છે. ઘરના શણગારરૂપ, પ્રાત:કાળમાં દર્શન કરવા લાયક અને લાઇબ્રેરીના ગારવરૂપ છે. કીં. રૂ. ૨-૮-૦ છે. મંગાવનારે નીચેના સીરનામે લખવું.

**શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

श्री

# આત્માનન્દ પ્રકાશ.

॥ वंदे वीरम् ॥

तेषां पारमेश्वरमतवर्त्तिनां जन्तूनां नास्त्येव शोको न विद्यते दैन्यं प्रलीनमौत्सुक्यं व्यपगतो रतिविकारः जुगुप्सनीया जुगुप्सा असम्भवी चित्तोद्वेगः अतिदूरवर्तिनी तृष्णा समूलकाषंकषितः सन्त्रासः किन्तर्हि तेषां मनसि वर्तते धीरता कृतास्पदा गम्भीरता अतिप्रबलमौदार्यं निरतिशयोऽवष्टंभः ।

उपमिति भवप्रपंचा कथा.

पुस्तक २६ मुं. } वीर संवत् २४५५. पोष, आत्म संवत् ३३. { अंक ६ ठ्ठो.

## " जीन महिमा. "

पद.

ભજ મનરે, જીન નામ સુખકારી—
.... .... ભજ મનરે.
તપ જપ સાધન, કંઇ નહી લાગે,
ખર્ચ નહી દમડી. ભજ મનરે.
સુખ સંપત્તિ સહેજે મળતાં,
વિપત્તિ જાય ટળી. ભજ મનરે.
આત્મોલ્લાસે, મન વાંચ્છિત પામે,
આત્મ કલ્યાણ કરી. ભજ મનરે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## परभवनुं भाथुं.

( પદ )

પાંચ ગાઉને પાધર જાતાં, સુખડી સાથે રાખે રે;
ડગ ભરે નહિ દ્વાર બહાર તું, સુંદર સાધન પાખે રે. ૧ પાંચ૦
સ્થાયી નથી રહેવાનું કોને, અસાર આ સંસારે રે;
પરલોકે જાવાનું નિશ્ચે, મોડું વહેલું તાહરે રે. ૨ પાંચ૦
અગમ્ય અંતર એ ભૂમિનું, વસમી વાટ અજાણી રે;
તૈયારી તતખેવ કરી લે, ભાથાતણી મન માની રે. ૩ પાંચ૦
સાધન સુખશાતાનાં વિધવિધ, સામગ્રી સુખદાઇ રે;
પ્રાપ્ત થતાં પરલોકે મળશે, મંગળ માળ વધાઈ રે. ૪ પાંચ૦
ઠામ ઠામ ડગલે ને પગલે, વાટે ને વળી ઘાટે રે;
નચિંત થઇ પરલોકે રહેશે, જો ભાથું તુજ ગાંઠે રે. ૫ પાંચ૦
ભાથું સુકૃત પુણ્ય સુખડી, વિવિધ નામ જગ કહાવે રે;
જંગલમાં મંગળ નીપજાવે, વિષ અમૃત પલટાવે રે. ૬ પાંચ૦
દીઓ દાન, શીળ પાળો પ્રીતે, તપ કરો નિર્મળ થાવા રે.
અનિત્ય ભાવના અહનિશ ભાવો, પરભવ ભાથું પાવા રે. ૭ પાંચ૦

વેજલપૂર-ભરૂચ. } શાહ છગનલાલ નહાનચંદ નાણાવટી.

## કેળવણી શું કહે છે ?

કેળવણી કહે છે. ' હું વિજ્ઞાનની સખી નથી, કળાની પ્રતિહારી નથી, સત્તાની દાસી નથી, કાયદાની કિંકરી નથી, અથ શાસ્ત્રીની બાંદી નથી. હું તો ધર્મનું પુનરાગમન છું. મનુષ્યના હૃદય, બુદ્ધિ તેમજ તમામ ઇન્દ્રિયોની સ્વામિની છું. માનસ શાસ્ત્રી અને સમાજ શાસ્ત્રી એ બે મારા પગ છે, કળા અને હુન્નર મારા હાથ છે, વિજ્ઞાન મારૂં મસ્તિષ્ક ( મસ્તક ) છે, ધર્મ મારૂં હૃદય છે. ઇતિહાસ મારા કાન છે, સ્વાતંત્ર્ય મારો શ્વાસ છે, ઉત્સાહ અને ઉદ્યોગ મારાં ફેફસાં છે, ધીરજ મારૂં વ્રત છે, આવી હું જગદંબા છું. જગદ્ધાત્રી છું. મારી ઉપાસના કરનાર બીજા કશાનો ઓશીયાળો નહિં રહે અને એની સર્વ કામનાઓ મારી મારફતે પ્રાપ્ત થઇ શકે એમ છે.'

' કુમાર ' દ. બા. કાલેલકર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# ખરૂં સુખ શેમાં રહેલું છે ?

દુનિયામાં દરેક જીવ સુખી થવા ઇચ્છે છે, સુખ સૌને ગમે છે, દુઃખ કોઇને ગમતું નથી, અને સુખી થવા માટે રાત્રિ અને દિવસ ગદ્ધાવૈતરૂં કર્યા કરે છે અને સુખને માટે સમુદ્રમાં શીર સાટે રહે છે, સુખને માટે ખાણોમાં ઉતરે છે, સુખને માટે બીજાની ગુલામગીરી કરે છે, સુખને માટે જ્યાં ત્યાં ભમે છે અથવા ભટકયા કરે છે, સુખને માટે નદીમાં રહે છે, સુખને માટે વ્યભીચાર કર્મ કરે છે અને સુખના માટે બેઠા બેઠા હાલતાં ચાલતાં અનેક પ્રકારનાં સંકલ્પ વિકલ્પ કરે છે, સુખના માટે રાજાની ગુલામગીરી કરે છે, સુખના માટે ટાઢમાં અને તાપમાં પણ કામ કરે છે અરે સુખના માટે પગે પણ પડે છે અને સુખના માટે ગમે તેના વખાણ કરે છે, સુખના માટે વિશ્વાસઘાત–ચોરી–વિગેરે કરે છે, સુખને માટે શરીરને તોડી નાંખે છે. ઘડી નિરાંતે થાક પણ લેતા નથી, જરા શાન્તિથી ભોજન પણ કરતા નથી, પણ તમે જરા મનમાં વીચાર તો કરો કે સુખ કયાં છે ? અને સુખ કઇ વસ્તુમાં છે ? સુખ જડ વસ્તુમાં છે કે ચૈતન્યમાં છે તેનો વિચાર કરો ! જો જડ વસ્તુમાં સુખ હોય તો આજે જે ગાડી, લાડી કે બંગલા હોય તે કાલે ન જાણે જાનકીનાથ " પ્રભાતે કિં ભવિષ્યતિ " તેમ બદલાઇ જતાં વિલંબ લાગતો નથી, અને સ્થિતિ બદલાતાં–માન–મોટાઇ–મરતબો વિગેરે બદલાઇ–સંજોગો અનુકૂળ હોય તેજ પ્રતિકૂળ થાય છે. માટે મોટાઇનું, પૈસાનું, સ્ત્રીનું, પુત્રનું, અને નાના પ્રકારનાં પાંચ ઇન્દ્રિયના વિષયોનું સુખ છે તે કાયમનું સુખ નથી. તે કોઇ જાણતું નથી કે આ સુખ કેવું છે ? કાંતો આપણને મુકી તે સુખ ચાલ્યું જશે અથવા તે સુખને આપણે મુકી ચાલ્યા જશું, તેથી કરીને તેવા સુખમાં મોહ શા માટે રાખવો જોઇએ ? અને કેટલાકો મોટાઇમાં સુખ માની બેઠા છે એટલે સહેજ કામ માટે પણ માણસ વિના ન ચાલે–ગુરૂદર્શન–અથવા પ્રભુ દર્શન આદિમાટે એકાદ ગાઉ ચાલવું થયું તોપણ ગાડી જોઇએ. ફરવા સિવાય ચાલે નહી. મોજ શોખના સાધનો જોઇએ. પણ આ બધી ટેવો વખત ફરી જતાં એટલી બધી વિકટ થઇ પડશે કે તે વખતે મનુષ્યને બહાર નીકળવું પણ શોક ઉત્પન્ન કરનારૂં નીવડે છે; પણ જો સરલ અને સાદી જીંદગી ગુજારતા હોઇએ, તો ગમે તેવી સ્થિતિ બદલાતાં મનને કોઇ ઉદ્વેગ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



થવાનું કારણ થતું નથી અને ચઢતી પડતીના ફેરફારે મનમાં કાંઇ પણ લાગે નહી અને ઉપરાંત લોકો હાંસી પણ કરે નહી. આ વાત લક્ષમાં રાખનાર સાદી જીંદગી એજ સુખી જીંદગી છે એમ અનુભવી શકશે.

હવે સાચું સુખ શોધો અને તે સાચુ સુખ કેવું હોય કે આવેલું પાછું જાય નહી. અને તે સુખમાં સદાય આનંદજ હોય, સદાય શાન્તિજ હોય, તેમાં દુઃખનું લેશ માત્ર પણ નામ જ ન હોય, તેવું સુખ શોધો, તે સાચું સુખ તો આત્મામાં રહ્યું છે. માટે ભ્રાન્તિનો ત્યાગ કરી આત્મામાં સુખ શોધો અને આત્મામાં સુખ છે એમ શ્રદ્ધા રાખો ને તમો જડમાં ઇષ્ટપણાની બુદ્ધિ રાખી બેઠા છો તેનો ત્યાગ કરો. આત્માનું ધન આત્મામાં છે માટે અંતરમાં શોધો.

હું સર્વ કરવાને સમર્થ છું એ પ્રકારની આત્મશ્રદ્ધાને સંપૂર્ણ જાગ્રત રાખી ખંતથી ઉદ્યમવંત રહેનારાજ કલ્યાણ કરી શકશે.

પુન્ય અને પાપ, શુભ અને અશુભ, સત્ય અને અસત્ય એ બધું ઉદ્યમનું જ ફળ છે. ઉદ્યમથી સર્વ કાર્યો સિદ્ધ થાય છે. તીર્થંકરપણું અને અંતે મોક્ષપણું પણ ઉદ્યમથીજ પ્રાપ્ત થાય છે—તેથી કરીને આપણે પણ શુભ ઉદ્યોગ સતત્ કરવો જોઇએ. તેથી કરીને ધારેલે સ્થાને જલદી આવીશું.

જેમ નાનો બાળક શરૂઆતમાં એક એકડો શીખતાં છ માસ કાઢે છે અને તેજ બાળક થોડા સમયમાં એક બારીસ્ટરની પદવીને મેળવે છે. જુઓ એ શકિત કયાંથી નીકળી ?

શું એકડો ભણતી વખતે તમોએ તેમ ધાર્યું હોય છે ? નહી જ. ત્યારે કહેવું-જ પડશે કે આત્મામાં આત્મ શકિત અનંત છે, પણ પ્રગટ કરવા જેણે સતત્ ઉદ્યોગ કર્યો છે તેનોજ ઉદ્યોગ સફળ થયો છે; ત્યારે હવે પ્રથમ જેમ બને તેમ સવારના પહોરમાં વહેલાં ઉઠવું. અને ઉઠતાની જોડેજ એટલે આંખ ઉઘડે કે તરત પ્રભુનો જપ કરવા મંડી પડવું એટલે પ્રભુનું સ્મરણ કરવા મંડી જવું; તે એટલે સુધી કે તેમાં બીજો વિચાર આવી શકે નહી એટલે બીજા કોઇપણ વીચારને આવવા નહીં દેવા. પ્રભુના જપમાં મનને રોકી દેવું કારણ તે વખતે શાન્તિ સારી હોય છે. જેમ શાન્તિ સારી અને કોલાહલ ઓછો તેમ બહુ આનંદ આવે છે. જેમ કોરૂં વાસણ હોય અને તેમાં જે વસ્તુ નાંખીએ તે વસ્તુની ગંધ રહી જાય છે તેવીજ રીતે આપણે સવારમાં ઉઠીયે ત્યારે કોરા વાસણ જેવું હૃદય હોય છે અને તેજ વખતે પ્રભુનું સ્મરણ કરીએ એટલે હૃદયને વિષે પ્રભુસ્મરણની વાસ રહી જાય છે.

હવે આપણા મનની અંદર ખરાબ વાસના અને ખરાબ ઇચ્છાઓ રહેલી છે, અને ખરાબ વિચારો પણ ભરેલા છે, તે પ્રભુ સ્મરણથી બધી ખરાબ વાસના ખરાબ ઇચ્છા—ખરાબ વીચારો ચાલ્યા જાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જેમ એક મોટી નદી હોય તેમાં ઉન્હાળાના દિવસમાં પાણી સુકાઇ જવાથી કોઈ કોઇ ઠેકાણે પાણીના ધરા પડયા રહે છે એટલે જ્યાં નદીમાં મોટો ખાડો હોય તેમાં પાણી ભરાઇ રહે છે અને તે પાણી ઘણા દિવસ થાય ત્યારે દુર્ગંધ મારે છે. તે પાણી કયારે સારૂં થાય કે જ્યારે ઉપરથી જોસભર પાણી આવે તો તે ગંદા પાણીને કાઢી તેજ ઠેકાણે સારૂં પાણી ભરાય છે; તેવીજ રીતે આપણા મનની અંદર રહેલી ખરાબ વાસના–ખરાબ ઇચ્છાઓ અને ખરાબ વિચારો રહેલા હોય છે તે પ્રભુ સ્મરણ રૂપી પાણી જોસભેર પડે એટલે ખરાબ વાસનાને અને ખરાબ ઇચ્છાને અને ખરાબ વિચારને જવું જ પડશે.

આમ થવાથી સારા સારા વિચારો આવી ભરાશે માટે પ્રથમ પ્રભુના જાપથી એટલો ફાયદો કે ખરાબ અને હલકા વિચાર ચાલ્યા જઈ સદ્ વિચાર આવે છે.

જે જાતનો વિચાર તેજ જાતનો કર્મબંધ થાય છે. માટે કોઇપણ જાતના વિચાર ન આવે તે કારણથી એકદમ પ્રભુ સ્મરણ કરવું.

કુંભારના ચાકની માફક કુંભારનો ચાક કુંભાર એક જડપથી ફેરવી પછી મુકી દે છે તો પણ તે ચાક ફર્યા કરે છે, તેવીજ રીતે આપણે પણ એક કલાક અથવા બે કલાક જડપથી પ્રભુ નામ લ્યો તો આખો દિવસ પરમાત્માનું સ્મરણ તેની મેળે થયા કરશે, અને રાત્રીએ ઉંઘમાં પણ તેજ સ્મરણ થયા કરશે.

કોઇ કહેશે કે અમોને વખત મળતો નથી. તો તદન ખોટી વાત છે. વખત પુરતો મળે છે માટે ખરૂં સુખ પ્રાપ્ત કરવું હોય તો વખત બચાવો અને તેમ કરી પ્રભુ સ્મરણમાં એકતાર બની જાઓ.

બીજું મનુષ્યોએ પ્રથમ આવતાં કર્મ અટકાવવા જોઇએ અને લાગેલાં કર્મ તોડવાનો પ્રયત્ન કરવો એટલે સહેલાઇથી કર્મ તૂટી જશે.

હવે મનુષ્યોને અઢાર પ્રકારે કર્મ બંધાય છે અને તેથી જે મનુષ્ય અઢાર પાપથી બીતો રહે અને અઢાર પાપમાંથી એકે પાપ લાગવા ન દે, એટલે અઢાર પાપથી બચે અથવા અઢાર પાપને રોકી કર્મ તોડવાનો પ્રયત્ન કરે તો તેનું કામ જલદી સિદ્ધ થાય અને તે અભ્યાસથી થઇ શકશે અને પછી વ્રત–જપ–તપથી કર્મને કાપી નાંખી મોક્ષ સુખને મેળવી શકશે

### બીજું શું કરવું—દિશા બદલાવવી.

હું જે કાર્ય કરૂં છું તે કાર્ય મારા કર્મો નાશ કરવા કરૂં છું તેવો, ઉદ્દેશ હોવો જોઇએ અથવા તેવું ધ્યેય હોવું જોઇએ.

ઉંઘવું તે શા માટે ? શરીર બગડી જશે. શરીર બગડી જશે તો કર્મનો નાશ કેવી રીતે કરી શકીશ માટે તે શરીર અત્યારે થાકી ગયું છે માટે થોડાક આરામ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આપું, ખાવું તે શા માટે શરીર ટકી શકે એટલે શરીર પાસેથી કામ સારી રીતે લેવાય માટે ભાડું આપ્યા વિના ચાલશે નહી. આપણે શરીર નથી પણ શરીરમાં રહેવા વાળા છીએ. શરીર તો એક ભાડુતી ઘર છે અને તેમાં રહી ભાડું આપવું અને શરીર પાસેથી કામ લેવું; તે કયું કામ–કર્મ ખપાવવાનું તેવું ધ્યેય રાખવું.

ખાવું શા માટે જીવવા માટે–જીવવું શામાટે ધર્મ ધ્યાન કરવા માટે. આપણી પાસે ત્રણ શકિત છે. મન–વચન–કાયા તે શકિતનો સારો ઉપયોગ કરીયે તો તે શકિત આપણને સારે રસ્તે ચડાવે છે એટલે મોક્ષના સુખને અપાવે છે અને અને ખરાબ રસ્તે વાપરીયે તો આપણી શકિત આપણેજ નાશ કરે છે એટલે નરકને વિષે ઘસડી જાયછે. નાના પ્રકારના પાંચ ઇંદ્રિયના વિષય સુખથી અને વિષય સુખની વારંવાર ઇચ્છા કરવાથી આપણું મન મેલું થાય છે અને તેથી વારંવાર ચોરાસીના ફેરામાં રખડીયે છીએ, તેથી કરી સાચું સુખ મેળવી શકાતું નથી અને મન પણ ઉજળું થતું નથી માટે અંતર્મુખ દૃષ્ટિ રાખી, તમો પોતાના શુદ્ધ સ્વરૂપમાં રમશો તો ગાઢ નિદ્રાની પેઠે આ દેખાતી જંજાળ તેમજ દેહાધ્યાસ ભુલાશે.

**એક મુનિ મહારાજ**

# જૈન સાહિત્યના બોધદાયક પ્રસંગો.

સાહિત્યની સુવાસ વિના પ્રજાનું જીવતર વ્યર્થ છે. તેજસ્વી પ્રજાના ઘડતરનો મુખ્ય આધાર તેના સાહિત્ય ઉપર અવલંબે છે. જેટલા અંશે સાહિત્યની પ્રેરણા–ઝમક અને જીવંતતા ઉચ્ચ હોય છે તેટલે અંશે તેની છાપ અનુકરણ કરનાર વર્ગપર સચોટ બેસે છે. વિશ્વના વિવિધ–વર્ણી સાહિત્યમાં જૈન સાહિત્યનું સ્થાન અનેરૂં છે. તેમાં ગણનાતીત પ્રેરક તત્વો ભરેલા છે; છતાં તેને દેશ–કાળાનુસારે કિંવા વર્તમાન પરિસ્થિતિને અનુરૂપ કરતાં આવડવા જોઇએ. તે વિના એની અસર લૂણ વિનાના ભોજન સમી નિરસ રહેવાની. ભરતચક્રીના મુગટનું ચિત્ર જોઇ વીસમી સદીનો માનવી કેટલોય બોધ મેળવી શકે ? પણ તેવો મુગટ તૈયાર કરાવી વેંતિયા માથાપર ધારણ કરવા જાય તો તે મૂર્ખમાં જ ખપે. આટલી નાનકડી પ્રસ્તાવના પછી કાર્યારંભ કરતાં એટલી ચોખવટ કરી દેવી ઘટે કે શ્રી વીરના શાસનમાંની જૈન સમાજને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રગતિ કરવાનું મુખ્ય સ્થાન તો એ સમયમાં અને ત્યારપછી થયેલા ઉદાહરણો-માંથી જ જડે, છતાં પ્રથમ જીનનું શાસન કેટલીક રીતે ચરમના સહ સરખાઇવાળું હોવાથી એના ચિત્રો પણ અવશ્ય વિચારણીય છે, જ્યારે મધ્યકાલીન બાવીશ જીનનો યુગ પ્રખર પ્રજ્ઞા ને અમાપ સરળતા યુકત હોઇ ઘણેખરે ભાગે, આપણા હાલના જીવનની ક્ષિતિજથી ઘણે દૂર નિકળી ગયો હોવાથી, બંધબેસ્તો કરવા જતાં આપણી શકિતનું તળીયું જ આવી રહે; એથી એમાં અવગાહન ન કરતાં માત્ર વિહંગાવલોકન જ શોભે. અસ્તુ.

### યુગલીક કાળ—

સાથે જન્મતા યુગલો યોગ્ય વયે દંપતીનો વ્યવહાર શરૂ કરતા એ યુગલિક કાળ હતો. અકાળ મૃત્યુનો પહેલો બનાવ શ્રી નાભિકુળકરના સમયે બન્યો. નર યુગલીકનો ઘાત થયો એ સાથે જ નારી યુગલિકના ભાવિ જીવનનો પ્રશ્ન ઉપસ્થિત થયો. નારી યુગલીકનું નામ સુનંદા એના જીવનનો તોડ નાભિકુળકરે શ્રી ઋષભ સાથેના લગ્ન કરી કહાડયો. ત્યારથી જ યુગલીક પ્રથાનો લોપ થયો, નવીના બી રોપાયા અને પછી માડીજાયા પુત્ર પુત્રીનો વ્યવહાર દંપતી તરીકે કરવામાં સંકોચને અનુચિતતા મનાવા લાગી. આટલા સાદા પ્રસંગમાંથી, સામાન્ય સાર તો એજ કહાડી શકાય કે સમયના બદલાવા સાથે રિવાજમાં પણ ફેરફાર કરવા ઘટે અગર થવાના. છતાં એથી ઉલ્ટું જેઓ એમાં વિધવા વિવાહની ગંધ જુવે છે અથવા તો ખુદ પ્રભુએ પણ વિધવા વિવાહ કર્યા હતા એવું સાબીત કરવા તૈયાર થાય છે તે કેટલા અંધારામાં અથડાય છે ! વળી એ પરથી ભાઇ બ્હેનના લગ્નને ઉચિત ઠરાવવા જનારા કેવી ભીંત ભૂલે છે તે પણ સમજાય તેવું છે. એવી દલીલો કરનારના કાર્ય ઉપરથી જ શાસ્ત્ર પણ શસ્ત્રરૂપ થઇ પડે છે એમ કહેવત શરૂ થઇ હશે. એમ કરવામાં બુદ્ધિની કિંમત નથી પણ લીલામ છે.

( ૨ )

### માતાનું હૃદય—

શ્રી ઋષભદેવે રાજ્ય મહાલયના સુખો ત્યાગી પ્રવ્રજ્યા સ્વીકારી, ત્યાગી જીવનના કષ્ટો સહવા માંડયા. પ્રથમ શરૂઆત અને એકાદને માટે સાવ નવાઇ ભરેલી એટલે દુઃખ સહનની વિશેષતા વધુ પુત્રવત્સલ મરૂદેવાથી એ શે સહ્યું જાય ! રોઇ રોઇ આંખડી રાતી કરે, અને એમ કરતાં નેત્રે પડળ બંધાયા. દુનિયા જેને 'સ્નેહ' કહે છે અને જ્ઞાનીપુરૂષોની નામાવળીમાં જેને 'મોહ' અર્થાત્ 'કર્મરાજ' તરીકે ખ્યાતિ મળી છે એ એનું કારણ પૂર્ણ જ્ઞાનદશા વિનાની એ સ્થિતિ ! છતાં એ વાતને ફેરવી તોળીને એમ કહેવું કે 'દીક્ષા વખતે મરૂદેવી માતા જેવાએ પણ કલ્પાંત કર્યું હતું. હાયવોય દાખવી હતી, છતાં પ્રભુએ તેની જરા પણ દરકાર ન

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# ત્રણ પ્રકારના આત્માઓની સમજ.

## એકજ આત્માના ત્રણ પ્રકાર, બાહિરાત્મા, અંતરઆત્મા અને પરમાત્મા.

### પૂજ્ય શ્રીમદ્ કર્પૂરવિજયજી મહારાજના એક લેખ ને સમજવાની બીજી રીત.

બહિરાત્મા અને પરામાત્માના પ્રદેશોના થોડા નામ નીચે પ્રમાણે પાડીએ ( ૧ ) સ્થૂલ દેહ, ( ૨ ) પ્રાણ, ( ૩ ) મન, ( ૪ ) ચિત્ત, ( ૫ ) બુદ્ધિ.

પરમાત્મા અનંતજ્ઞાન–દર્શન–આનંદ અને શક્તિસંપન્ન પૂર્ણ પવિત્ર સકળ કર્મ–ઉપાધિ રહિત છે. અંતરઆત્મા અથવા વિવેકઆત્મા, બહિરાત્મા અને પરમાત્માને જોડનાર દોરી છે. બહિરાત્મા ઉપર ગણાવેલા પ્રદેશોમાં પોતાનો ખોટો ઉપયોગ કરીને–કષાય બાંધીને કર્મમાં લપેટાય છે. તેને વારંવાર, અંતરઆત્માની મારફતે કષાય નહિં કરવાને પરમાત્મા સમજાવે છે. જેવી રીતે એક કુલીનનો પુત્ર કોઇનું ખુન કરવાને લલચાય છે તેને અંદરથી કોઇ ના પાડતું હોય છે. કોઇ તેને અંદરથી પાછું ખેંચતું હોય છે આ અંતરઆત્મા છે તેને Psychic being કહેવામાં આવે છે. આ કુલીન પુત્રને શરૂઆતમાં અંતરઆત્મા ખરાબ કામ કરવાને ના પાડયાં કરે છે, પરંતુ લાંબે વખતે તે પોતાના

---

કરી એ પરત્વે જરા માત્ર ધ્યાન પણ ન આપ્યું અને બેદરકાર બની ચાલી નીકળ્યા. ત્યાગી જીવન જીવવા જનારા માટે માતા પિતાના અવરોધો ઉદ્ભવે તો એવો જ ફેઝ લાવી સ્વકાર્ય કરવું.' આમ કથન કરવામાં કેટલી હદે પ્રમાદ થાય છે એ સુજ્ઞને સમજાવવાપણું ન હોય. ત્રણ જ્ઞાન ધરનાર એવા તીર્થપતિનો માર્ગ નિરાળો છે એ વેળા દેવો આવી ઉત્સવ કરે છે. એ જોઇને જ સ્નેહીઓના દિલ ઠંડા થઇ જાય ત્યાં પછી શંકાના વમળો કેવા ! વિનયનું અનુપમેય સ્વરૂપ વર્ણવનારા પ્રભુ પોતે વિનયી જીવન જીવે છે. મરૂદેવા માતાને દિક્ષા લીધાનું દુઃખ નહોતું પણ કોમળાંગી ઋષભ એ ઉપસર્ગોની શ્રેણી કેવી રીતે વેઠશે એ દુઃખ હતું. એમાં ત્યાગ પ્રત્યે અણગમો નથી પણ પુત્રપ્રેમની પરાકાષ્ટા છે.

લે૦ **મોહનલાલ ડી. ચોકસી.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અંતરઆત્માના સાદને ના પાડવાને એટલો બધો ટેવાઇ જાય છે કે પછી તેનો સાદ બુઠ્ઠો થઇ જાય છે; બંધ પણ થઇ જાય છે. જે બાબત આપણે મહાન ખુની-ઓમાં જોઇએ છીએ. આવા આત્મા પરમાત્મા પાસેથી એટલાં બધાં છુટાં પડી જાય છે કે તેનો અંત દેખાતો નથી. સૌથી પહેલાં તેમને પોતાનો અંતરઆત્માનો સાદ ( Goading ) ઉઘાડવો પડે છે. પછી આગળ વધતાં વધતાં પરમાત્માની ઝાંખી થવા માંડે છે. બાટકીમાં જોયું તેવું જ આપણામાં પણ બને છે. કેટલાક પાપ આપણે એવા અને એવી રીતે સેવીએ છીએ કે તે પાપ છે તે પણ ભૂલી જઇએ છીએ અને તેને આપણી ફરજ માની બેસીએ છીએ. અને તે પાપમાં એટલાં બધાં લપેટાઇ જઇએ છીએ કે તે બાબતોનો અંતરઆત્માનો સાદ આપણે માટે બુઠ્ઠો થઇ જાય છે. તીર્થંકર ભગવાનની પ્રતિમાની પૂજા માટે દીગંબર શ્વેતાં-બર નામના બે ભાઇની લડાઇ ને તે માટે થતાં કલેશો, સ્થાનકવાસી ને દેરાવાસીની લડાઇ, ચોથ અને પાંચમના સંવત્સરી પ્રતિક્રમણ માટે અદેખાઇ, દ્વેષ અને લડાઇ. ચોથને દિવસે બાર મહીનાના પાપ આલોવી, પાંચમને દિવસે કે જ્યારે આપણા પૂર્વ વડિલો સંવત્સરી પ્રતિક્રમણ કરતા હતા તે દિવસે અને તેજ વખતે કરવામાં આવતા જમણવારની બાબતનો વિચાર કરવાને .પણ આપણો બહિ-રાત્મા ના પાડે છે. આ પ્રમાણે હજારો પ્રવૃત્તિઓ છે કે જેણે આપણા શુદ્ધધર્મને ઢાંકી દીધો છે. વરસી તપ, ઉપધાન વિગેરે કરી રહ્યાં પછી માળ પહેરવાને દિવસે કે પારણાને દિવસે આત્માને તદ્દન પરમાત્મા તરફ વાળેલો રાખવાને બદલે, બાહ્યવસ્તુ–માયા તરફ એટલો બધો વળતો દેખવામાં આવે છે કે અંતરઆત્મા તે વખતે કાંઇપણ સહાય કરી શકતો નથી. આપણા દોષો, ત્રુટીઓ તરફ અંતરદષ્ટિ કરવાથી આ બાબતનું ભાન થાય છે.

સ્થૂલ દેહને વશ થયેલો બહિરાત્મા શરીરને પોતાનું અંતિમ તત્વ માની બેસે છે. પોતે જ પરમાત્મા, સર્વ શકિતમાન છે તે ભૂલી જાય છે અને શરીરના નિયમોને અને કાર્યોને પોતે વશ છે એવું માને છે. પોતે શરીરના કરતાં ઘણો વધારે બળવાન છે તે સત્ય વિસરી જાય છે, તેથી શરીરના નિયમોની સત્તા મારે નહિં સ્વીકારવી જોઇએ તે વાત ભૂલી જાય છે. રાજા પોતે પોતાના સેવકનો ગુલામ બને છે, એ બધી અધોગતિમાંથી છુટવાનો ઉપાય એજ છે કે આપણે આપણા મૂળ સ્વરૂપનું પરમાત્માનું હંમેશા સતત્ ધ્યાન કરવું અને તેનો યોગ સાધવો. શરીર ઉપર સંપૂર્ણ કાબુ તો સ્થૂલ પ્રાણના ઉપર સંયમ મેળવવાથી જ મળી શકે છે. શરીરમાં જીવન ધારણ કરવા ઉપરાંત શરીર ઉપર આસકિત પણ હોય છે. શરીર આપણું પોતાનું સત્ય સ્વરૂપ નથી પણ ફકત એક કરણ છે–કપડું છે એવો અનુ-ભવ થવાથી એ આસકિત જતી રહે છે. વાસના પ્રધાન મનુષ્યોમાં શારીરિક મૃત્યુ માટે જે અણગમાની વૃત્તિ હોય છે તે પરમાત્મસ્વરૂપ પ્રાપ્ત કરેલામાં નિર્બળ થઇને નાશ પામી જાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રાણ શકિતની બહાર આવી રહેલા પદાર્થોને પ્રાપ્ત કરવા માટે અને પ્રાપ્ત કરી તેમને પોતાનામાં ઘટાવવા માટે પ્રાણશકિત તલપાપડ થઇ રહે છે. પ્રાણ શકિતના ધર્મો આપણા મનમાં કર્મનું, કામનાઓનું, રાગદ્વેષનું અને સુખદુઃખનું સ્વરૂપ પકડે છે, તેને બદલે પ્રાણશકિતનું ખરૂં કાર્ય તો આપણામાં રહેલી દિવ્ય શક્તિની આજ્ઞા ઉઠાવી તે પ્રમાણે વર્તન કરવું એજ છે, જરાપણ ઇચ્છા ઉત્પન્ન થવા દેવી જોઇએ નહિં.

ઇંદ્રિયોના સંસ્કાર સ્વીકારનાર મનનો મૂળ ધર્મ એ છે કે તેણે પોતે જીવનના સર્વ બાહ્ય સ્પર્શો પ્રત્યે નિષ્ક્રિય બનીને તે સંસ્કારોને તથા તેમનામાં રહેલા રસ ને આનંદના તત્વને પોતાનાથી ઉચ્ચ કરણોને પ્રાપ્ત કરાવવાં, આપણું મન અસ્તિત્વનો સાહજીક આનંદ પ્રાપ્ત કરવાનું સાધન મટી જઇને સુખ દુઃખાદિ અનુભવો લેવાનું સાધન થઇ રહે છે.

જે પ્રમાણે મનનું તે પ્રમાણે લાગણીઓ ઉત્પન્ન કરનાર ચિત્તનું પણ થાય છે. ચિત્ત ઇન્દ્રિયોના સંસ્કારો પ્રત્યે આવેશો તથા લાગણીઓનું પ્રતિકાર્ય કરનાર ક્ષેત્ર જ થઇ રહેલું છે. પરિણામે તેમાં હર્ષ, શોક, રાગદ્વેષ, ક્રોધ, ભય, ઉપકાર, વૈર વિગેરે વિશ્વમાં ચાલી રહેલી આવેશ અને લાગણીઓની લીલા ઉત્પન્ન થાય છે, આવી ગુંચવણને–આવી જાળને આપણે આપણો બાહરાત્મા કહીએ છીએ. પરંતુ વાસ્તવિક રીતે તો આપણો આત્મા તેના ખરેખરા સ્વરૂપમાં તો શુદ્ધ પ્રેમ, આનંદ અને સર્વ પ્રાણીમાં રહેલા પ્રભુ સાથે એકતા કરવાનું એક ઉપયોગી સાધન છે. એ સૂક્ષ્મપિંડ હમણાં તો આપણા કામનામય દેહતળે ઢંકાઇ ગયા છે અને તંને જ આપણે આત્મા તરીકે માની બેસીએ છીએ, આપણા ચિત્તમાં અથવા લાગણીઓ અને આવેશો ઉત્પન્ન કરનાર શક્તિમાં, આપણા પરમાત્માનું શુદ્ધ પ્રતિબિંબ ન પડતાં તેને બદલે કામનામય મનમાં ફસાયેલા બહિરાત્માનું જ પ્રતિબિંબ પડે છે.

અશુદ્ધ બુદ્ધિબળમાં ફસાયેલા બહિરાત્માનું કામ જે અજ્ઞાનમાં કામ કરતી બુદ્ધિમાં ફસાએલો બહિરાત્મા પ્રાણશક્તિનાં બંધનોમાં જકડાયેલો હોવાથી તથા લાગણીઓના આવેશો અને વેગોને આધીન હોવાથી પોતાના પક્ષપાતી વલણો, પસંદગીઓ, જડતા અને વેગોથી સંકુચિત હોય છે. વિચારશક્તિમાં પક્ષપાત, પસંદગી, જડતા વિગેરે ઉત્પન્ન થાય છે, તેનું કારણ પણ બહિરાત્મા કામનામય મનને આધીન હોય છે તે છે. વિચારશક્તિમાં તે પ્રાણશક્તિ ઉપર ગણાવ્યા તેવા સ્વરૂપો ધારણ કરે છે.

બુદ્ધિ, મન, ચિત્ત, પ્રાણ અને સ્થૂલ દેહમાં અશુભ અને અશુદ્ધ પ્રવૃત્તિ કરતાં બહિરાત્માને બંધ કરી પરમાત્માને ઉપર ગણાવેલા કરણોમાં શુભ અને શુદ્ધ ક્રિયા કરવા દેવી તે મનુષ્ય જન્મની ખરી સફળતા છે.

દોશી નાનચંદ ઓધવજી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## ગૃહપતિ,
# તેનું જીવન અને કર્તવ્ય.

ગુરૂકુળો ! બોર્ડીંગો ! આશ્રમો અને વિદ્યાલય વગેરે જેવી બાળકોને કેળવણી આપતી કે મદદ કરતી સંસ્થાઓને માટે ગૃહપતિ કેવો હોવો જોઇએ ? તે જાણવા માટેનો આ લેખ છે જે તેવી સંસ્થાના સંચાલકોને ઉપયોગી છે. ( માસીક કમિટી. )

ગૃહપાત એટલે બાળકોની રગેરગ અને નસેનસ જાણનાર હોંશીઆર હકીમ, ગૃહપતિ પાસે બાળકો પોતાના હૃદય ખોલતાં જરાપણ સંકોચ કે શરમ ન જ રાખે.

ગૃહપતિ એટલે બાળકોનો સાચો મિત્ર, સાચો સલાહકાર:
ગૃહપતિ બાળકોને ઉદ્ભવતા વિવિધ પ્રશ્નોનું નિરાકરણ કરેજ.
ગૃહપતિની પાસે બાળકો પોતાની મુશ્કેલીઓ જણાવતાં સંકોચ નજ પામે:

**ગૃહપતિ એટલે આનંદ મૂર્તિ:—**

ગૃહપતિ એટલે વાઘ તો નહિજ........તેને દેખતાં બાળકો બકરાં જેવા બની આજ્ઞા ઉઠાવે તે બીલકુલ યોગ્ય નજ ગણાય. ગૃહપતિને દેખી બાળકો ત્રાસવાં ન જોઇએ કિંતુ તેનો હાસ્ય પૂર્ણ ચહેરો દેખતાંની સાથેજ બાળકોમાં માતાને દેખતાં ઉદ્ભવતા પ્રેમ અને આનંદ ઉદ્ભવવાં જોઇએ. ગૃહપતિની આજ્ઞાનો ભયથી નહિ, પરંતુ પ્રેમથી અમલ થવો જોઈએ. ગૃહપતિનો સ્વભાવ ઠરેલ અને મળતાવડો જોઇએ.

ગૃહપતિ એટલે સ્વચ્છતા અને વ્યવસ્થાનો આદર્શ નમુનો:—

ગૃહપતિથી પ્રમાદ નજ સેવાય: બેદરકારી પણ નજ રખાય, તેણે સંપૂર્ણ સ્વચ્છ અને વ્યવસ્થિત રહેવું જોઇએ. જેથી બાળકો તેનું અનુકરણ કરી શકે.

ગૃહપતિ એટલે માનસશાસ્ત્રી—બાળ માનસશાસ્ત્રી:—

ગૃહપતિએ બાળકોના વિવિધ સ્વભાવો અને ખાશીયતોનું બારીકાઇથી પૃથક્કરણ કરવું અને અભ્યાસ કરવો. ગૃહપતિ પોતાના સ્વભાવને લીધે બાળકને નિરૂત્સાહી તો નજ કરે, બાળક અક્કલ હિન, અગર શક્તિ વિહિન છે તેવું પણ તેને નજ કહે અગર તેને તેમ માનવા પણ નજ દે:

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગૃહપતિ એટલે આદર્શ બાળક: ગૃહપતિએ એક આદર્શ બાળક બનીનેજ વિદ્યાર્થીઓ સાથે રહેવું ઘટે: પોતાની દરેક પ્રવૃત્તિમાંથી બાળકને નવાનવા પાઠ શીખવે. બાળકોની દરેક પ્રવૃત્તિમાં રસ લઇ શકે: તેમાં રસ ઉમેરી શકે, દોષ ટાળી શકે, બાળકોની પ્રવૃત્તિનું શાન્તિ પૂર્વક નિરીક્ષણ કરી શકે, અને તેને નવો માર્ગ બતાવી શકે.

ગૃહપતિએ સવારથી સાંજ સુધી વિદ્યાર્થીઓની વચ્ચેજ રહીને પોતાનું કાર્ય કરવું જોઇએ. ગૃહપતિને માથે વિદ્યાર્થીઓની જવાબદારી સિવાય બીજો બોજો નજ લદાવો જોઇએ: ગૃહપતિના કાર્યમાં બીજા કોઇએ તેમની મરજી અને સંમતિ સિવાય આડે નજ આવવું જોઇએ, કારણ તેથી બાળકોપર ખોટી અસર પડે.

ગૃહપતિ બાળકોને નોંધ પોથી રાખવા સૂચવે તેમાં બાળક આખા દિવસની પ્રવૃત્તિ પ્રગતિ, નવાનવા અનુભવો અને અવલોકનોની નોંધ કરે, પોતાની શંકાઓ અને પ્રશ્નો ટાંકે.......ગૃહપતિ સાંજે તેનું નિરાકરણ કરે: નવી સલાહ અને યોગ્ય સૂચના આપે; તેમાંથી તારવવા જેવા નિયમો, સ્ખલનાઓ, અને તેના ઉપાયો તથા તેની સારી બાજુઓને તારવી કાઢી બાળ ભાષામાં સુંદર રીતે લખીને સંસ્થામાં ચાલતા હસ્ત લિખિત યા છપાતા માસિકમાં મૂકે; અન્ય ગૃહપતિઓ બાળકો કે સંસ્થાઓને ઉપયોગી થઇ પડે તેમ લાગતું હોય તો કોઇ જાહેર માસિકમાં મુકે.

ગૃહપતિ વિદ્યાર્થીઓની રમત ગમત વિગેરેમાં ભાગ લઇ તેમની સાથે સાંજે ફરવા જાય, નવી નવી વાતો અને પ્રશ્નોના ઉકેલ કરે, વિદ્યાર્થીઓના ખાનપાન, રહેણી કરણી વિગેરેપર પૂર્ણ ધ્યાન રાખે, સ્વચ્છતાને વ્યવસ્થાના પાઠ પોતાનાજ વર્તનથી શીખવે.

વિદ્યાર્થીઓ જ્યારે વર્ગમાં રોકાયેલ હોય ત્યારે ગૃહપતિ સુંદર સુંદર પુસ્તકો વાંચે, સાયકોલોજીનાં પુસ્તકો પણ વાંચે, બાળ કેળવણીને લગતું સાહિત્ય પણ વાંચે, તેમાંથી બાળકોપયોગી નોંધ કરે, સ્વયં સ્ફુરણ થાય તો બાળકોપયોગી કાંઇક લખે. બાળસ્વભાવનું પૃથક્કરણ કરે, તેમાંથી નિયમો તારવે, અલ્પ શકિત, અલ્પ બુદ્ધિ અને બીનઆવડતવાળા બાળકોના વિકાસનો માર્ગ શોધે તે સંબંધી વિચારણા અને પદ્ધતિ સરની યોજનાઓ ઘડે.

માંદા વિદ્યાર્થીઓની માવજતની વ્યવસ્થા કરે અને વિદ્યાર્થીઓ સ્વાશ્રયી, આત્મશ્રદ્ધાળુ, આત્મ સંયમી, સેવાભાવી અને નિડર બને તેવા દરેક ઉપાયો યોજે.

ગૃહપતિ વિદ્યાર્થીઓની વર્તણુક અને ચારિત્ર માટે દિનરાત પૂર્ણ ધ્યાન રાખે, જણાતા દોષો દૂર કરે; તેઓનું ચારિત્ર ઘડે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ચારિત્ર બગડવામાં કારણ ભૂત ખાનપાન, નિવાસ, રીતભાત અને કાર્યક્રમ વિગેરેના દોષો ટાળે.

વિદ્યાર્થીઓને અસભ્ય ભાષા બોલતાં અટકાવે અને એમ બોલવાનો ફરી પ્રસંગ ન આવે તેવી યોજના ઘડે. પરસ્પર ભ્રાતૃભાવ કેળવાય તેવાં પગલાં લે.

વિદ્યાર્થીઓ પોતાના વિચારો સ્પષ્ટ મુદ્દાસર અને નીડરપણે જણાવી શકે, તેવી વકતૃત્વ શકિત અને લેખન પદ્ધતિ તેઓમાં કેળવે. બની શકે તો ગૃહપતિ વિદ્યાર્થીઓના અભ્યાસ કાર્યમાં પણ મદદગાર થાય. વિગેરે બાળ વિકાસના અનેક પગથીઆ ઘડે. બાળ વિકાસની આખી સીડી તૈયાર કરી પોતાનાં બાળકોને વિદ્યાર્થીઓને તેપર ચડતા શિખવે.

ગૃહપતિ વિદ્યાર્થીઓને પદ્ધતિસર તાલ સાથે ખુલ્લે સ્વરે ગાતાં પણ શિખવે. એકંદરે બાળકોનો આત્મા કચરાઇ ન જાય, તેઓની શકિત દબાઇ ન જાય તેવી રીતે બાળવિકાસના દરેક પગલાં ભરે.

શ્રી જૈન વિદ્યાભુવન
રાધનપુર.

લી૦
**શાંતિલાલ મગનલાલ શાહ**
" સાઠંબાકર. "

## ધન સંબંધી કંઇક.

( અનુસંધાન ગતાંક પૃષ્ઠ ૧૨૪ થી શરૂ )

**વિઠ્ઠલદાસ-મૂ-શાહ.**

દ્રવ્યનો સદુપયોગ તથા દુરૂપયોગ ઉપરાંત તેના સાધારણ ઉપાર્જન તથા ખર્ચનો પ્રશ્ન આવે છે. આજકાલ જે ખરાબ રીતે દ્રવ્ય ઉપાર્જન કરવામાં આવે છે તેના ઉપર જરા વિચાર કરવામાં આવે તો મનુષ્યના મનમાં અત્યંત ઘૃણા અને વિરક્તિ ઉત્પન્ન થાય. દ્રવ્યસંચય કરવા માટે અને ખાસ કરીને ઉત્તમ ઉપાયોવડે સંચય કરવા માટે પરિશ્રમ કરવાની આવશ્યકતા રહે છે. પરંતુ લોકો તો નથી પરિશ્રમ કરવા ઇચ્છતા કે નથી ઉત્તમ ઉપાયોનું અવલંબન લેતા. પરિશ્રમથી બચી જવા માટે તો તેઓ અનેક પ્રકારની યુક્તિઓ કરે છે, સીધા ભોળા લોકોને ઠગે છે અને તેઓની ભલાઇ-મૂર્ખાઇનો લાભ ઉઠાવે છે. કેટલાક લોકો તો એવી.વાતોને ધંધાની નીતિ અને રીતિ કહીને પોતાની પરમ નીચતાનો પરિચય આપતાં પણ સંકોચાતા નથી; પરંતુ જે લોકોમાં સ્હેજ પણ મનુષ્યત્વ-સ્હેજ પણ વિવેક હોય છે તેઓ કોઇ પ્રકારની અડચણ વગર કહી શકે છે કે અનીતિથી કરોડપતિ અથવા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



લક્ષાધિપતિ બનીને મોટા મહાલયોમાં કે સુંદર બંગલાઓમાં રહેવા કરતાં અત્યંત ગરીબાઈમાં એક ઝુંપડીમાં રહેવું અને નીતિ અને સત્યથી પોતાના નિર્વાહ અર્થે થોડું ઘણું રળી લેવું એ લાખ દરજ્જે સારૂં છે. અનેક ધનવાનો ગરીબ લોકોને પીડીને અને તેઓનું સર્વસ્વ નષ્ટ કરીને પોતાની આપેલ રકમની ચાર-ગણી કે આઠગણી રકમ વસુલ કરે છે અને એ રીતે ધનવાન બનીને સમાજમાં સન્માન પામે છે અને પ્રતિષ્ઠિત બને છે; પરંતુ વસ્તુતઃ એ પ્રતિષ્ઠા અને સન્માન કોડીના મૂલ્યના છે, પણ એમાં લોકોનો પણ એટલો બધો દોષ નથી. સૌથી વધારે દોષ તો સમાજનો છે કે જે એવા લોકોનાં દુષ્કર્મો તરફ બિલ્કુલ ધ્યાન નથી આપતો અને તેઓ ધનવાન અને સંપત્તિમાન બન્યા છે એટલા માટે તેઓનું સન્માન કરવા લાગે છે. એક ફારસી કહેવતનો અર્થ એવો છે કે દ્રવ્ય એ સઘળા દોષોને ઢાંકનારી વસ્તુ છે. અંગ્રેજીમાં પણ એક એવી મતલબની કહેવત છે કે 'દ્રવ્ય પેદા કરો, સમગ્ર દુનિયા તમને એક સજ્જન કહેશે.' આ પ્રકારના વિચારો સર્વ દેશો અને સમાજોમાં પ્રસરી રહેલા છે અને એને લોકો દ્રવ્યનો મહિમા કહે છે. અત્યંત આશ્ચર્ય, દુઃખ અને શરમની વાત છે કે લોકો પોતે પોતાની નૈતિક નિર્બળતાને લઇને ધનવાનોની પ્રતિષ્ઠા કરે છે અને પોતે દોષથી બચવા માટે તેનું કારણ ધનનો મહિમા બતાવે છે. ખરી રીતે એમ હોવું જોઇએ કે જે મનુષ્ય જેટલા નીચ ઉપાયોથી દ્રવ્ય ઉપાર્જન કરતો હોય તેના ઉપર સમાજે તેટલી જ ઘૃણાયુકત દૃષ્ટિથી જોવું જોઇએ. પરંતુ લોકો કેમ એટલા બધા અંધ અને અવિવેકી થઇ જાય છે કે તેઓને બીજાનું થોડું દ્રવ્ય વધારે દેખાય છે, અને જે નીચ ઉપાયોવડે તેણે દ્રવ્ય મેળવ્યું હોય છે તે તરફ તેઓની દૃષ્ટિ જતી નથી એનું કારણ સમજાતું નથી. દ્રવ્ય અને પ્રતિષ્ઠાનો પરસ્પર સંબંધ રાખવાની લોકોની દુષ્ટ ધારણા ઘણા જુના કાળથી ચાલી આવી છે અને જેમ જેમ એ ધારણા વધતી ગઇ તેમ તેમ લોકોને દુષ્ટ ઉપાયોવડે દ્રવ્ય–સંચય કરવામાં ઉત્તેજન મળતું ગયું. આ ધારણાનો સદંતર નાશ થવાની જરૂર છે. અને મનુષ્યની પ્રતિષ્ઠા કરવામાં તેની સદાચારશીલતા ઉપર મુખ્ય ધ્યાન અપાવું જોઇએ અને તેની સંપન્નતાને ગૌણ ગણવી જોઈએ. કોઈવાર એવું પણ જોવામાં આવે છે કે જેઓએ અનીતિથી મોટી રકમ પેદા કરી હોય છે એવા ધનવાનો પોતાનું બદનામ દૂર કરવા માટે અથવા છેવટ પોતાનું નામ અમર કરવા માટે ધર્મશાળા, ગૌશાળા, અન્નસત્ર કે એવું કંઇ સ્થાપિત કરે છે. બસ પછી શું ? પછી તો લોકો તેની વાહવાહ કરવા લાગે છે અને એમ સમ-જવા લાગે છે કે શેઠ સાહેબને પરમાત્માએ દ્રવ્યની સાથે સુબુદ્ધિ અને સુરૂચિ પણ આપી લાગે છે; પરંતુ તે સુબુદ્ધિ અથવા સુરૂચિવાળા શેઠ સાહેબ આગળ ઉપર પોતાની તે ઢાંગી ધાર્મિકતા અને ઉદારતામાં એવા હાથ સાફ કરવા લાગે છે કે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જેમાંથી કોઇ ઉગારી શકે જ નહિ. આજકાલ સંસારની અને વિશેષે કરીને વ્યાપારિક સંસારની જે દુર્દશા દૃષ્ટિગોચર થાય છે તે અત્યંત શોચનીય અને લજ્જાસ્પદ છે. પ્રત્યેક વિચારશીલ તેમજ સત્યનિષ્ઠ મનુષ્યનું એ પરમ કર્તવ્ય છે કે તેણે પોતે હંમેશાં સત્યનિષ્ઠાપૂર્વક દ્રવ્ય ઉપાર્જન કરવું અને એટલું જ દ્રવ્ય કમાવું કે જેટલું તેના જીવન નિર્વાહને માટે જરૂરનું હોય અને કદાચ એ કરતાં વિશેષ દ્રવ્ય કમાઇ શકે તો તે લોકોપકારનાં કાર્યોમાં જ વાપરવું અને બીજાને છેતરીને દ્રવ્ય સંચય કરવાના પાપમાંથી બચી જવું અને સાથોસાથ તેણે કદિપણ એવા લોકોનું સન્માન ન કરવું કે જેઓએ અનીતિથી અને અયોગ્ય ઉપાયોથી દ્રવ્ય ઉપાર્જન કર્યું હોય છે.

હવે દ્રવ્યના ખર્ચનો પ્રશ્ન લઇએ, પ્રત્યેક મનુષ્યનું એ પણ કર્તવ્ય હોવું જોઇએ કે તેણે ખૂબ વિચાર કરીને સમજણપૂર્વક પોતાની આવક કરતાં હમેંશાં ઓછો ખર્ચ કરવો જોઇએ. સામાન્ય રીતે આપણે જેની પાસે પાંચ પંદર લાખ રૂપિયા હોય છે તેને મોટો શ્રીમંત ગણીયે છીએ અને જેની પાસે પાંચસો હજાર રૂપિયા હોય છે તેને ગરીબ ગણીયે છીએ; પરંતુ વાસ્તવિક રીતે એ શ્રીમંત–ગરીબનો તફાવત નથીજ. જે મનુષ્યનો ખર્ચ પોતાની આવક કરતાં ઓછો હોય છે તેજ ખરો શ્રીમંત છે અને જેનો ખર્ચ પોતાની આવક કરતાં અધિક હોય છે તેજ ખરો ગરીબ છે. એક સારા સમજુ પુરૂષનું કથન છે કે જે મનુષ્યની આવક સો રૂપિયા અને ખર્ચ ૯૯ાા રૂપિયા હોય છે તેજ ખરો શ્રીમંત અને સુખી છે અને જેની આવક ૧૦૦ રૂપિયા અને ખર્ચ ૧૦૦ાા રૂપિયા છે તેજ દરિદ્ર તેમજ દુ:ખી છે, હવે શ્રીમંત અને સુખી, ગરીબ અને દુ:ખી હોવામાં એક રૂપિયાનાજ તફાવતની વાત છે, આર્થિક દૃષ્ટિએ સુખી રહેવાનો આથી સારો ઉપાય બીજો કોઈ નથી કે દરેક માણસે પોતાનો ખર્ચ આવક કરતાં ઓછો રાખવો.

આવક કરતાં ખર્ચ ઓછો રાખવાનો હેતુ એ નથી કે તેનાથી મનુષ્ય ધનવાન બની જાય છે, પરંતુ પોતાની આવકનો અમુક ભાગ વિકટ પ્રસંગને માટે બચાવી રાખવાની પરમ આવશ્યકતા છે. ઘણે ભાગે લોકો પોતાની ઈન્દ્રિય લોલુપતા તેમજ શોખની નકામી વસ્તુઓ માટે જોઇએ તે કરતાં વધારે ખર્ચ કરે છે. આ સઘળી બાબતો ઉપરથી સિદ્ધ થાય છે કે મનુષ્યમાં આત્મવશતાનો અભાવ છે, એ સિવાય અધિક ખર્ચ કરવાથી એ પણ સિદ્ધ થાય છે કે મનુષ્યમાં દૂરદર્શિતા નથી કેમકે જે મનુષ્યમાં દૂરદર્શિતા હોય છે, જે પોતાના ભવિષ્યનો વિચાર કરે છે, તે હંમેશાં પોતાની આવકનો થોડો ભાગ જરૂર બચાવે છે, ખર્ચ સંબંધી સઘળી બાબતો એવી છે કે જેનાથી મનુષ્યનાં ચારિત્રનો પણ ઘણો પરિચય થાય છે. એ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉપરાંત આવક કરતાં વધારે ખર્ચ કરવામાં સૌથી મોટો દોષ એ છે કે મનુષ્ય કરજદાર બને છે અને વેપાર સંબંધી જરૂરિયાતો સિવાય બીજી દશામાં કરજદાર બનવું એ ઘણું ખરાબ છે. એક વખત પોતાની આવક કરતાં વધારે ખર્ચ કરવા લાગ્યા પછી આપણું કાર્ય બીજાનું કરજ કર્યા વગર આગળ ચાલી શકતું જ નથી અને કરજ એક એવા પ્રકારનો રોગ છે કે એકવાર લાગુ થયા પછી કદિ છુટો થવાનું જાણુતો જ નથી. જે માણુસ નકામા ખર્ચ માટે બીજાનું દેવું કરે છે તે કદિપણુ સુખી જીવન ગાળી શકતો નથી. દેવું કરવું એ પોતાના શિરે આપત્તિને નોતરવા સમાન છે. એક વિદ્વાને કરજને મહાન ગુલામી કહી છે. એક બીજા વિદ્વાનનું કથન છે કે " દરિદ્રતા અને અપમાન ખરાબ છે, પરંતુ કરજ તો સૌથી ખરાબ છે. કદિપણુ કરજદાર ન બનવું એવો દરેક મનુષ્યનો દૃઢ સંકલ્પ હોવો જોઇએ. નકામો ખર્ચ અને કરજ એ બન્નેનો પરસ્પર ગાઢ સંબંધ છે. નકામો ખર્ચ કરવાની સાથે જ મનુષ્ય કરજદાર થવા લાગે છે. અને તેને કરજ કરવાનો ચસકો લાગ્યા પછી તેના નકામા ખર્ચ પણુ વધવા લાગે છે. અને એ રીતે તે દિનપ્રતિદિન દુઃખી અને દરિદ્ર બનતો જાય છે. કરજ કરીને નકામા ખર્ચ કરવા એ બીજાનું દ્રવ્ય લુંટી લેવા બરાબર છે અને તેની ગણુના એક જાતની ચોરીમાં જ થાય છે. "

નકામા ખર્ચના અનેક માર્ગ છે. જેમાં ઇન્દ્રિય લોલુપતા તથા શોખની વસ્તુઓ મુખ્ય છે. પોતાની ઇન્દ્રિયોને વશ ન રાખવાથી જે હાનિ થાય છે તેનું યોગ્ય દિગ્દર્શન આ લેખમાળાના પ્રથમના લેખોમાં કરવામાં આવ્યું છે. માદક પદાર્થના સેવનમાં એટલા બધા દોષો રહેલા છે કે તેનું સમર્થન કદિપણુ કરી શકાય જ નહિ. માદક પદાર્થના સેવનથી મનુષ્યનાં શરીરમાં અનેક પ્રકારના રોગો ઉત્પન્ન થાય છે, બલબુદ્ધિનો હ્રાસ થાય છે તેમજ આર્થિક, ધાર્મિક તથા નૈતિક દૃષ્ટિયે મહાન નુકશાન થાય છે. માદક પદાર્થના સેવનથી આપણા શરીરને કોઇ જાતનો લાભ થાય છે, આપણો થાક ઉતરે છે અથવા શરીરમાં સ્ફુર્તિ આવે છે એ સમજણ ભૂલભરેલી છે. શરીર ઉપર તે પદાર્થોની અસર એથી ઉલ્ટી થાય છે. જેટલા માદક પદાર્થો છે તે બધા ઝેરરૂપ જ છે. આમ છે, છતાં દુનિયામાં અનેક મનુષ્યો પોતાની આવકનો મોટો ભાગ માદક પદાર્થોમાં ખર્ચીને હમેશાં દીન, દુઃખી અને દરિદ્રી બની રહ્યા છે. અને જીંદગીપર્યંત કષ્ટ ભોગવે છે અને પોતાના કુટુંબ પરિવારને કષ્ટ આપે છે. સામાન્ય રીતે ગણુત્રી કરતાં દરેક મનુષ્ય માદક પદાર્થોમાં જેટલું દ્રવ્ય ખર્ચે છે તે વડે એક નાના કુટુંબનું ભરણુપોષણ સારી રીતે ચાલી શકે છે. જે લોકો નકામા ખર્ચથી બચવાની અને આર્થિક દૃષ્ટિયે સુખી રહેવાની ઇચ્છા રાખતા હોય તેઓએ કદિપણુ માદક પદાર્થનું સેવન રાખવું ન જોઇયે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હવે શોખની વસ્તુઓ લઇયે, કે જે સુધારાની સાથોસાથ દિન પ્રતિદિન વધતી જાય છે. સંસારમાં એવા લોકો મોટી સંખ્યામાં જોવામાં આવશે કે જેઓને આર્થિક દષ્ટિયે કદિ પણ સુખી ન કહી શકાય, પરંતુ એવા જ લોકો હમેશાં અનેક ખોટા ખર્ચ કરે છે કે જેથી તેઓનું આર્થિક કષ્ટ વધતુંજ જાય છે. ઘણા લોકો એવા હોય છે કે જેઓની આર્થિક સ્થિતિ ખરાબ હોય છે અને એ દુર્દશા છુપાવવા ખાતર તે લોકો બીજા ખોટા ખર્ચ કરે છે અને પ્રકારાન્તરે તેજ તેઓની દુર્દશા વધવાનું કારણ બને છે. અનેક યુવકો પોતાની સ્થિતિ હોય તે કરતાં સારી દેખાડવામાંજ પોતાનો સર્વ પુરૂષાર્થ ખર્ચી નાખે છે. આવી દુષ્ટ પ્રવૃત્તિઓમાંથી અનેક જાતના નૈતિક દોષો અને અપરાધો પરિણમે છે. ઘણા લોકો કેવળ બીજાની દેખાદેખીથી જ સારાં સારાં કપડાં પહેરે છે અને અનેક માર્ગે પોતાની સ્થિતિ કરતાં વધારે ખર્ચ કરે છે. તેઓની આર્થિક સ્થિતિ પર એની ખરાબ અસર થાય છે જ, એટલુંજ નહિ પણ આખા સમાજ ઉપર તેની ઘણીજ ખરાબ અસર થાય છે. તેઓની દેખાદેખીથી બીજા અનેક લોકો બગડે છે, અને તેઓ પોતે દુઃખી થાય છે તેમજ બીજાનું કષ્ટ વધારે છે. જો વિચારપૂર્વક જોઇએ તો આમાં મુખ્ય દોષ તે શ્રીમંતોનો છે કે જેઓ સાદી અને સીધી રીતે નહિ રહેતાં કેવળ પોતાની શ્રીમંતાઇ દેખાડવા માટે જ ઠાઠમાઠથી બહાર નીકળે છે. તેવાઓને જોઇને સાધારણ લોકોનાં મનમાં પણ અસંતોષ અને ક્ષોભ ઉત્પન્ન થાય છે અને તેઓ પણ યથાસાધ્ય શ્રીમંતોના માર્ગે ચાલવાનો પ્રયત્ન કરે છે. મનુષ્યને કેવળ ધનવાન હોવાથી એ અધિકાર નથી મળી જતો કે તેણે બીજાની સમક્ષ ખરાબ આદર્શ ઉપસ્થિત કરવો. આ સિવાય થોડો ઘણો દોષ એ લોકોનો પણ છે કે જેઓ શ્રીમંતોની રહેણી કરણીનું અંધ અનુકરણ કરીને અનેક પ્રકારની આપતિઓ વ્હોરી લે છે. જો શ્રીમંત લોકો સીધી સાદી રીતે રહેવા લાગે અને સાધારણ સ્થિતિના લોકો પોતાના મનને વશ રાખતા શીખી જાય તો આ સંબંધી ઘણા દોષો અને દુઃખો સહેલાઇથી દૂર કરી શકાય.

પાશ્ચાત્ય સુધારાની સાથો સાથ શોખની વસ્તુઓનો ઉપયોગ ચેપી રોગની માફક સર્વત્ર ફેલાતો જાય છે. ફેશનની વૃદ્ધિ લોકોની ગરીબાઇ વધવામાં કારણભૂત છે. ઘણા લોકોનું તો એકજ વાત તરફ ધ્યાન હંમેશાં રહે છે કે પોતાની ફેશનમાં જરાપણ ખામી ન આવવી જોઇયે, પણ તેઓ એટલું નથી સમજતા કે ધનાભાવને લઇનેજ તેઓની ફેશનમાં ખામી રહે છે. એ ફેશન જાળવવા ખાતર તેઓને ઘણા નકામા ખર્ચ કરવા પડે છે. કેવળ બીજાને દેખાડવા ખાતર તેઓ મોટી આફતને આમંત્રે છે. ખરૂં કહીએ તો પોતાની સ્થિતિથી વધારે દેખાવ કરવો એ નૈતિક દષ્ટિએ ઘણુંજ નિન્દનીય છે. એટલા માટે પ્રત્યેક મનુષ્યની ફરજ છે કે તેણે પોતાની આવક કરતાં ખર્ચ ઓછો રાખવો અને કાંઇને કાંઇ દ્રવ્ય ભવિષ્યને માટે બચાવતા રહેવું. ખર્ચ કરવામાં પ્રત્યેક મનુષ્યે અત્યંત સાવધાન રહેવું જોઇયે અને કેવળ જરૂરી અને ઉપયોગી કામોમાંજ ખર્ચ કરવો જોઇયે. —ચાલુ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# ચાલુ ચર્ચા માટે કંઇક—

## અને જૈનોને સમયધર્મ પિછાનવાની સલાહ, એ ઉપર અમદાવાદમાં શ્રી વિજયવલ્લભસૂરિજી મહારાજે આપેલ વ્યાખ્યાન.

એક બાજુ શાસનદાઝ ધરાવનારાઓ વર્તમાનકાળની સાધુ સમુદાયની છિન્નભિન્ન સ્થિતિ જોઇ, તેઓશ્રીનું સંમેલન ભરી ઉક્ત સંસ્થામાં કેમ સંપ થાય અને સમય ધર્મને પિછાની જૈનસમાજની થતી જતી અધ:પતન સ્થિતિમાંથી તે બચી જાય તે માટે અનેક સુચનાઓ–પોકારો કરે છે, ત્યારે શ્રી આનંદસાગરસૂરિજી વિદ્વાન હોવા છતાં તેવી સૂચનાઓને બાજુએ મુકી અમદાવાદ શહેરમાં " આસ્તિકોનું કર્ત્તવ્ય " એ વિષય ઉપર વિહાર કરતાં કરતાં ભાષણ આપી, શ્રીમાન વિજયવલ્લભસૂરિજી મહારાજ ઉપર અયોગ્ય–અસત્ય આક્ષેપો કરી સાધુસમાજમાં કુસંપની વૃદ્ધિ કરવાના પ્રયત્નો શરૂ કર્યા છે; તેમજ શ્રી મહાવીર વિદ્યાલય જેવી કેળવણીને ઉત્તેજીત કરતી, સહાયક સંસ્થા અને કેળવણી પ્રત્યે અસહકાર કરવાનું કહી બીજી રીતે તિરસ્કાર કરવા ઉપદેશ કરેલ છે, જેથી જૈન સમાજમાં ખળભળાટ ઉત્પન્ન થયેલ છે. વર્તમાનકાળે જ્યાં સીદાતા શ્રાવકક્ષેત્રનો ઉદ્ધાર કરવાની જરૂર છે, કે જે ક્ષેત્ર ઉન્નત થયા વિના સાતેક્ષેત્રોની રક્ષા પણ જોઇએ તેવી થઇ શકતી નથી, એ સર્વ વિદિત છતાં, તેમજ અત્યારે અન્ય કોમ કેળવણી લઇ કેટલી આગળ વધી રહી છે, પ્રગતિ કરી રહી છે, તેનો ખ્યાલ જૈનસમાજ ન કરતી હોવાથી જ જૈનસમાજનું દિવસાનુદિવસ અધ:પતન થઇ રહ્યું છે, આવો સમયધર્મ ધર્મગુરૂઓએ જ પ્રથમ ઓળખવો જોઇએ અને તેજ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ એ ધર્મનીતિ છે, એમ સમજી આચાર્ય શ્રી વિજયવલ્લભસૂરિજી વગેરે જે જે મુનિમહારાજો સમયધર્મનો અભ્યાસ કરી રહ્યા છે–ઓળખી રહ્યા છે, અને સીદાતા શ્રાવકક્ષેત્રની પુષ્ટિ માટે કેળવણીની સંસ્થા ઉભી કરવા ઉપદેશો કરે છે, કેળવણીના દ્વારો ખુલે છે અને તેવી સંસ્થાઓમાં ધાર્મિક શિક્ષણ પણ સાથે હોય છે–લેવાય છે, તેવું જૈન સમાજ જોઇ રહેલ છે; છતાં શ્રી આનંદસાગરજીસૂરિ જેવા વિદ્વાન તે ન જોઇ શકે તેમ બનવાજોગ નથી. છતાં તેઓ, સમયધર્મ ઓળખી જૈનસમાજની ઉન્નતિ માટે શ્રમ લેનારા–ઉપદેષ્ટા મુનિમહારાજાઓ અને કેળવણી પ્રત્યે તિરસ્કાર, અણુગમો કે અસહકાર કરી રહ્યા છે અને તેવો ઉપદેશ કરી જૈન સમાજને તેમ કરાવી રહ્યા છે; શું તેમ કરી મુનિ સંસ્થામાં વિશેષ કુસંપ અને કેળવણી ઉપર જૈનસમાજને અણુગમો કરાવી વિશેષ અવનતિ સમાજની કરાવવી છે ? તેઓનો પણ ઉપદેશ દ્વારા તેજ ધર્મ છે કે સમયને ઓળખી તેવા સાધનોને વિશેષ જન્મ આપી જૈનની થતી ઉન્નતિમાં પોતે ફાળો આપવો. તેમનું આસ્તિકોનું કર્ત્તવ્ય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સંબંધીના ભાષણમાં શ્રી વિજયવલ્લભસૂરિજી મહારાજ માટે તેઓ જે વિપરીત શબ્દો બોલ્યા છે—આક્ષેપો કર્યા છે તે શબ્દેશબ્દ અસત્ય છે, તે એટલા માટે કહેવું પડે છે કે, તા. ૧૮–૧૨–૧૯૨૮ ના રોજ પાટણના જ શ્રી સંઘે જ શ્રી આનંદસાગરજીસૂરિ પોતાના તે ભાષણમાં આચાર્ય શ્રી વિજયવલ્લભસૂરિજી માટે બોલેલા શબ્દો તમામ અસત્ય છે તેમ ઠરાવ કરી જાહેર કરેલું છે અને તે સાથે શ્રી આનંદસાગરસૂરિજીને માટે પણ ઠરાવમાં જણાવેલ છે કે " અયોધ્યાજીના જીર્ણ દેરાસરને સમરાવવાનું કહેવાને બદલે ત્યાંની મૂર્તિને પધરાવી દેવાનો ઉપદેશ આચાર્યશ્રી વલ્લભવિજયજી મહારાજે કોઇપણ દિવસ આપ્યો નથી, તેમજ ઉપધાન, ઉજમણા, પ્રતિષ્ઠા, ઓચ્છવ વગેરેને ધૂમાડા તરીકે આચાર્ય મહારાજશ્રી વલ્લભવિજયજી મહારાજે કદી પણ ઓળખાવેલ નથી, આ સંબંધી આચાર્ય શ્રી આનંદસાગરજીએ કરેલા આક્ષેપો તદ્દન ખોટા છે એમ પાટણના શહેરના જૈનોની આજરોજ: અત્રે ભેગી થયેલી આ જાહેરસભા મક્કમપણે જાહેર કરે છે. " અને છેવટે તે શ્રીસંઘે શ્રી આનંદસાગરજીસૂરિજીની અસત્ય આક્ષેપો કરવાની શૈલી માટે યોગ્ય વિરોધ પણ જાહેર કર્યો હતો.

આટલા ઉપરથી દીવા જેવું સ્પષ્ટ જણાય છે કે આચાર્યશ્રી આનંદસાગરજી મહારાજનું તે ભાષણ મુનિરાજ પ્રત્વે અસત્ય: આક્ષેપવાળું, કેળવણી અને તેની સંસ્થાનો અસહકાર અને તિરસ્કાર કરનારૂં હતું. સમય એવો આવ્યો છે કે મુનિરાજોના આવા ભાષણો અને ઉપદેશથી જૈનસમાજમાં કુસંપ વધતાં તેની ઉન્નતિને હાનિ પહોંચે તેમ થતું હવે સર્વ કોઈ જોઇ શકે છે, તેથી તો તેવા ઉપદેશકર્તાની પ્રતિષ્ઠાને હાનિ પહોંચતી જાય છે. જ્યારે સમયધર્મનો અભ્યાસ કરી સમય ઓળખી સમાજની ઉન્નતિ કરનાર મુનિરાજોની પ્રતિષ્ઠા વધ્યે જાય છે, કેળવણીની સંસ્થાની પ્રગતિ થતી જાય છે, તેને આર્થિક સહાય વિશેષ મળે છે અને તેથી સમાજમાં ઉંચી કેળવણી લેનારની સંખ્યાપણ વધતી જતી જોવામાં આવે છે.

છેવટે શ્રી સાગરાનંદસૂરિને વિનંતિ કરવામાં આવે છે કે હવે પછી પોતાના જ્ઞાનનો ઉપયોગ સમાજમાં કુસંપ ન વધે તેમ કરવા, તેમજ અન્યધર્મના જૈન ધર્મ ઉપર થતા આક્ષેપો સામે ઉભા રહેવા અને સમાજની ઉન્નતિ માટે પ્રયત્નો કરે એમ જૈનસમાજ ઇચ્છે છે.

જૈન સમાજની ઉન્નતિ માટે સમય શું માંગી રહેલ છે ? શું કહી રહેલ છે ? શેની જરૂરીયાત છે ? સીદાતા શ્રાવકક્ષેત્રની શી રીતે ઉન્નતિ થતા સાતેક્ષેત્રો વિશેષ પુષ્ટ થાય વગેરે માટે તેમજ જૈનોને સમયધર્મ પિછાનવાની કેટલી જરૂર છે તે જાણવા માટે હાલમાં તા. ૩૦–૧૨–૧૯૨૮ ના રોજ તેજ અમદાવાદ શહેરમાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આચાર્યશ્રી વિજયવલ્લભસૂરિજીએ એક મનનીય વ્યાખ્યાન આપ્યું છે જે સમયોચિત અને દરેક જૈનને જાણવાની જરૂર હોવાથી નીચે મુજબ આપી આ વર્તમાન હકીકત બંધ કરીયે છીયે.

## આચાર્ય શ્રીમાન્ વિજયવલ્લભસૂરીશ્વરનું ભાષણ.

તા. ૩૦ મીને રવિવારે સવારે નવ વાગે વિશાશ્રીમાળીની વાડીમાં આચાર્યશ્રી વિજયવલ્લભસૂરિજીએ વ્યાખ્યાન આપ્યું હતું. વ્યાખ્યાન દરમ્યાન સમયધર્મ અને યુવકોની ફરજ એ વિષય ઉપર ચર્ચા કરી હતી. શરૂઆતમાં વાસીત અને નિર્વાસીત જીવની સમજ પાડતાં જણાવ્યું હતું કે બાળકો નિર્વાસીત છે. એ બાળકોમાં જેવી વાસના ભરશો તેવી ભરાશે. ગુરૂ મહારાજને દેશપરદેશમાં બનતા બનાવોથી વાકેફ રહેવાનો શોખ હતો. તે માટે મારે છાપાં વાંચી સંભળાવવા પડતાં. છાપામાં એકવાર એવો પ્રશ્ન આવ્યો કે ગરીબો કરતાં અમીરોનાં છોકરાંને વધારે બગડે છે કેમ ? તેનું કારણ તેમણે એ આપ્યું હતું કે ગરીબોનાં છોકરાં માતાઓ પાળે છે જ્યારે શ્રીમંતોનાં છોકરાંને નોકરો પાળે છે. તેથી તેમના ઉપર નોકરોની છાપ પડે છે. શ્રીમંતોની સ્રીઓએ પોતાનું યૌવન જળવાઈ રહે તે માટે પોતાનાં બાળકોને પોતાનું દૂધ ન પીવડાવતાં બકરી અને ગાયનાં દૂધ પીવડાવવા માંડયાં. બાળકોને માટે ધાવ રાખવા માંડી. એ ધાવ કે જે ગમે તેવું અભક્ષ્ય ખાય તેનું દૂધ પોતાનાં બાળકોને પીવડાવી તે હલકી ધાવોના સંસ્કાર પોતાના બાળકોમાં દાખલ કરાવ્યા, પછી એ બાળકો બગડે એમાં નવાઈ શી ? હલકા નોકરોના સંસર્ગમાં બાળકોને રાખવા માંડયાં. બાળકોની પ્રથમ અધ્યાપક માતા છે, પછી પિતા અને શિક્ષક છે. કોમળ વયનાં બાળકોમાં જેવા સંસ્કાર પાડશો તેવા પડશે.

## પોતાનું રક્ષણ નહિ કરે તે પારકું શું કરશે ?

તે પછી નવયુવકો સંબંધી બોલતાં જણાવ્યું હતું કે જે નવયુવક અયોગ્ય વાસના દૂર કરી સુયોગ્ય વાસના પોતાનામાં ભરે તેજ પોતાને તેમ પરને સુધારી શકે. જુવાનો પહેલેથી જ ડરપોક રહેશે તો પોતાના શરીરનું રક્ષણ નહિ કરી શકે, તો પછી તેઓ પારકાનું રક્ષણ તે શું કરવાના હતા ? સાંસારિક પદાર્થોની અને તીર્થોની રક્ષા તેઓ નહિ કરે તો પછી કોણ કરશે ?

## ખાલી ટાઇટલોથી અર્થ નહિ સરે.

ધર્મરક્ષક અને તીર્થ રક્ષક એવા ખાલી ટાઈટલોથી કંઇ અર્થ નહિ સરે. હીરવિજયસૂરિજી અને ભગવાન હેમચંદ્રાચાર્યે પોતાની તેમજ પારકી રક્ષા કરી હતી. વીમળશા, વસ્તુપાળ, તેજપાળ અને ભામાશા તે જૈન હતા. તેમના ધર્મ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સંબંધીના કામ જોઇ જગતમાં તેમની નામના થાય છે. ભામાશાને દેશોદ્ધારક પદવી ત્યારે મળી કે જ્યારે તેમણે દેશનું રક્ષણ કર્યું. આખુંએ શાસ્ત્ર ભણી ચુકયા, બધુંએ જ્ઞાન મેળવી ચુકયા પણ તે તમારા આત્માના રક્ષણાર્થે કામ ન આવ્યું તો તે શું કામનું ?

## મુક્તિનો ધોરી રસ્તો.

વચ્ચે એક પ્રશ્નના જવાબમાં આચાર્યશ્રીએ જણાવ્યું હતું કે જીવ વધતાં વધતાં પરમાત્મા સ્વરૂપમાં ભળે છે. તે માટે બધા પ્રયાસ કરે છે. દેવ, ગુરૂ, ધર્મ વગેરેની જરૂર શામાટે છે ? મુક્તિ માટે છે. શાસ્ત્રકારોએ એમ નથી કહ્યું કે ફલાણે જ રસ્તે જાઓ તો મુક્તિ મળશે. તેમણે તો ફક્ત એક ધોરી રસ્તો બતાવ્યો. કોઇ વીરલા હોય તે બીજે રસ્તે પણ મુકિત મેળવી શકે છે. સાધુ વેશ, અન્ય વેશ, ગૃહસ્થ વેશ, પુરૂષ વેશ, સ્ત્રીવેશ, નપુંસક વેશ એમ દરેક વેશે સિદ્ધ થવાય છે. આત્મામાં સ્ત્રી, પુરૂષ એવો કોઇ ભેદ નથી. તે તા સત્ય સ્વરૂપ છે.

## મુક્તિ મેળવતાં નહિ અટકાવી શકો.

હીંદુ અને મુસલમાન જ્યારે જન્મે છે ત્યારે કાંઇ મુસલમાન દાઢી સહિત અને હીંદુ ચોટલી સહિત જન્મતા નથી, પરંતુ જન્મ્યા પછી જેવા સંસ્કારો નંખાય છે તે મુજબ તે હીંદુ મુસલમાન બને છે. અને પોતાના કુટુંબ અને દેશના રિવાજ મુજબ તે વર્તે છે. પરંતુ ધર્મ અને દયા પાળવા માટે તો કોઇનો ઇજારો હોતો નથી.

વીતરાગના વચન પ્રમાણે ચાલનારને શાસ્ત્રકારો જૈન કહે છે. પછી તે બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય કે શુદ્ર કે ગમે તે જ્ઞાતિ કે કોમનો હોય. તમે કૃપણ થઇ વીતરાગના વચન પ્રમાણે ચાલનાર અન્ય કોમનાને તમારા વાડામાં ભલે ના આવવા દો પણ તેને મુક્તિ મેળવતાં નહિ અટકાવી શકો. શ્રાવકના ઘરમાં જન્મેલાને વ્યવહારમાં ભલે શ્રાવક કહો પણ તેનામાં શ્રાવકપણું નહિ હોય તો શ્રાવક નહિ થઇ શકે.

હું જે કંઇ કહીશ તે ભગવતી સૂત્રની વાત લઈ, પૂર્વાચાર્યોએ કરેલા ખુલાસા સાથે જણાવીશ, આત્મા કહે તો મંજુર રાખજો. તેમ ન લાગે તો કોઇ જ્ઞાતાને પૂછી ખુલાસો કરજો. જે ધર્મ આપણા તારણને માટે છે તે ધર્મને નામે અત્યારે લડાઇઓ થઈ રહી છે એ કેટલી દીલગીરીની વાત છે !

## પાછલો જમાનો જવા દો.

માતાપિતાના સંસ્કારો બાળકો ઉપર પડે છે. એ બાળકો—ભવિષ્યના માતા-પિતા—ને લાયક બનાવશો તો ભવિષ્યનાં બાળકો લાયક બનશે. સમયને અનુસાર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રબંધ નહિ કરો તો શીર ઉપર વાદળ ઘેરાયું છે તે કયારે તુટી પડશે તે કહી શકાય નહિ. પાછલો જમાનો જવા દો. તે વખતે હાલની કેળવણી ન હતી. તે વખતે સાધારણ નામાઠામાની કેળવણી પણ રાજદરબાર માટે પુરતી હતી. દેશની ભાષાદ્વારા કામ લેવાતું. અત્યારે પરદેશી વિદ્યાથી કામ લેવાનું છે. બેચાર ચોપડી ભણવાથી કામ ચાલતું નથી. અત્યારે અંગ્રેજી ભણ્યો ન હોય તેની કિંમત દુનિયામાં કોડીની નથી.

## સાધુઓ અંગ્રેજી ભણેલા હોત તો ?

આપણા સાધુઓ જે શાસ્ત્રોમાં બહુજ વિદ્વાન છે તેઓ અંગ્રેજી ભણેલા હોત તો દુનિયાને બતાવી શકત કે જૈનધર્મ એ શું ચીજ છે. જો એમ કહો કે આપણા યુવાનોને અંગ્રેજી વિદ્યાની જરૂર નથી, માત્ર ધાર્મિક અભ્યાસ, સામાયિક અને પ્રતિક્રમણ કરે અને કમાવાની દરકાર ન રાખે તો જૂદી વાત ! પણ તમે કબુલ કરો છો કે અંગ્રેજી વિદ્યા એ રાજવિદ્યા છે. જમાનો બદલાય છે એ નજરે પડે છે. જે આત્મારામજી મહારાજના આશીર્વાદથી વીરચંદ ગાંધી ચીકાગોની ધર્મ પરિષદમાં ગયા અને જૈનકોમને અજવાળી તે આત્મારામજી માટે અપશબ્દો બોલનાર અને છાપાં છપાનાર અમદાવાદમાં હતા. અત્યારે જવાબ આપો કે એ કરતા હતા તે સારૂં હતું કે નહિ ? ધર્મનો સંદેશો પશ્ચિમની દુનિયાને આપવા મોકલ્યા હતા. અત્યારે સમાજ જાગૃત થયો છે.

## જુદો બોજો ન વધારો.

અત્યારે વેપાર વધારવા તમારા શહેરીઓ વિલાયત જઇ રહ્યા છે. વીલાયત જનારને નાત બહાર મૂકવાનું હવે નીકળી ગયું છે. તમારી જરૂરીયાતોએ શીખવ્યું કે વિલાયત સાથે સંબંધ રાખ્યા વગર તમારો ઉદ્ધાર નથી. તે માટે તે વિદ્યાની જરૂર પડી. એ વિદ્યા એકતરફી છે છતાં તે દેવી તમને મંજુર છે. સાથે સાથે ધાર્મિક કેળવણી દેવાની તમારી ફરજ છે. હાલની કેળવણીનો બોજો વિદ્યાર્થીઓ ઉપર વધી ગયો છે. આથી તમે તેમને જુદી પાઠશાળાઓમાં ધાર્મિક કેળવણી આપો એ ન બને. એ બેવડો બોજો તે ન ઉઠાવી શકે. તેમ સરકારી શાળાઓમાં પણ ધાર્મિક કેળવણી નહિ આપી શકાય.

## અન્ય કેળવણી સાથે ધાર્મિક કેળવણી આપો.

એ માટે તો તમે તમારી નવી સ્કુલ કાઢો કે જ્યાં તે કેળવણીના એકડેએકની સાથે ધાર્મિક કેળવણીનો એકડેએક પણ શરૂ થાય અને એ કેળવણીના છેક ઉપલા વર્ગ સુધી ધાર્મિક કેળવણી પણ અપાય. પછી જુઓ કે તમે જેમને નાસ્તિક કહો છો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેઓ તમને પણ આસ્તિક લાગે છે કે નહિ. તમારાથી પણ વધે છે કે નહિ. તે ધાર્મિક સંસ્કારવાળા કેળવાએલા તમારા ધર્મને માટે પ્રાણ આપશે. અત્યારે પણ ધાર્મિક સંસ્કાર ઓછા એવા કેળવાએલામાં પણ ધર્મ માટે કેટલી લાગણી છે તે જુઓ છો. તેમનામાં ધર્મના સંસ્કારો પડશે ત્યારે તેઓ ઘણું સારૂ કામ બજાવી શકશે.

## બે લાખ મર્દોમાં એકે સેતલવાડ ન મળે !

વૃદ્ધો વગર યુવાનો ચલાવી શકશે કે યુવાનો વગર વૃદ્ધો ચલાવી શકશે એ કહેવું એ જુઠી વાત છે. બન્નેનું કામ છે. સાધુ મહારાજ વૃદ્ધોના કાનમાં વિષ રેડે કે ભણેલા ભ્રષ્ટ છે અને તે તમે માન્યું પણ તેમનું કામ તમને પડે છે કે નહિ? તમારા તીર્થાધિરાજને માટે તમારે સર ચીમનલાલ સેતલવાડને રૂપીઆની કેટલી બધી ગાંસડીઓ ભરી દેવી પડી ? તમે ચાર-પાંચ લાખ શ્વેતામ્બરો છો, અમદાવાદમાં બહુ છો. પણ ગામડાઓમાં જઇને જુઓ ત્યાં શી દશા છે ? આજે એક ઘર બંધ થયું, કાલે બીજું ઘર બંધ થયું. પાંચ લાખ શ્વેતાંબરોમાં સ્ત્રી, બાળકો બાજુએ મુકો તો બે લાખ મર્દો રહ્યા. તેમાંથી એકે સેતલવાડ નહિ નીકળ્યો એટલે બહારના સેતલવાડની જરૂર પડી. કોમમાં એવા પેદા નહિ કરો ત્યાંસુધી બહારનાઓની ગુલામી સેવવી પડશે.

## તીર્થરક્ષા માટે જોદ્ધા પેદા કરો.

૩૫ વર્ષ માટે વાર્ષિક રૂ. ૬૦૦૦૦ નો ચાંલ્લો ચોંટયો. તમારા ઘરમાં એવો સેતલવાડ હોત તો શત્રુંજય તમારી હથેળીમાં થોડા પૈસામાં હતો. હવે બીજાઓને લોભ લાગ્યો છે. શીરોહીવાળાને ઇચ્છા થઇ છે. ઘણાં ખરાં તીર્થ દેશી રાજ્યોમાં છે. તીર્થની રક્ષા માટે એવા જોદ્ધા તૈયાર કરવાની જરૂર છે. બળ, બુદ્ધિ અને ધનથી રક્ષણ કરનારા પેદા કરવાની જરૂર છે. પહેલાં જૈન કોમ અંદરથી ચમકદાર હતી અને બહારથી સાદી હતી જ્યારે અત્યારે બહારથી ભપકો હોય છે અને માંહે હાંલ્લા ખખડે છે. એ સ્થિતિ સુધારો.

## શ્રાવક હશે તો સાધુ થશે.

બાળકોને ધાર્મિક સંસ્કારવાળા બનાવવા માંગતા હો તો બહારની કેળવણીની સાથે સાથે ધાર્મિક કેળવણી આપો. તે કામ સ્વતંત્ર સ્કુલ વગર નહિ થઇ શકે. તમે તમારી જરૂરીઆત પૂરી પાડો. તમે શ્રાવક હશો ત્યાં સુધી અમે તમારે ત્યાં ધર્મલાભ કહેતા આવીશું. તમે શ્રાવક નહિ હો તો અમે કયાં હઇશું ? આપણાં સાત ક્ષેત્ર છે અને શ્રાવક શ્રાવિકા એ બે ક્ષેત્ર ઉપર આપણાં બાકીનાં પાંચ ક્ષેત્રોનો આધાર છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## વાણીયા મટી ક્ષત્રિય બનો.

હું ઇચ્છું છું કે તમે ક્ષત્રિય બનો. વાણીઆ કેમ બની રહ્યા છો ? ક્ષત્રીવટ દાખવો. તમારી પાઘડી એ ભલમનસાઇની નીશાની ગણાય છે. તમે ટકા, ટકાને ટકાની ઝંખના કરી રહ્યા છો. પૈસાના ગુલામ બન્યા છો. નીતિ કે અનીતિ ગમે તે માર્ગે પૈસા પેદા કરવાનું જ શીખ્યા છો. સીદાતા શ્રાવક, શ્રાવિકાને પોષી ખડા કરવાની જરૂર છે. તેમને સંઘરવાને બીજા તૈયાર છે. તેવા કોઇ આવી તેમને સ્વીકારી લેશે તો પછી કોમની પાયમાલી છે. પૂર્વાચાર્યોને પણ સમયને અનુસરીને પરિવર્તન કરવું પડયું છે. અત્યારે જે વેશ તમે પહેરો છો તે તમારા પૂર્વજો પહેરતા ન હતા. વૃદ્ધો અને યુવકો સાથે મળી કામ કરો. યુવકોની જરૂરીઆત પૂરી પાડવાની વૃદ્ધોની ફરજ છે. સંપ રાખો. સંપ વગર મુક્તિ નથી. સમુદાય જે કામ કરી શકે છે તે એકલાથી થતું નથી.

## ભડકેલા યુવકોને શાંત કરો.

દુશ્મનોને પણ અપશબ્દ ન કહો. દુશ્મનોને પણ મીઠાશથી બોલાવવાથી દુશ્મનાઇ મૂકી દે છે. યુવકવર્ગ ભડકયો છે, તેને શાંત કરવાની વૃદ્ધોની ફરજ છે. તમારી સેવાને લાયક બનાવવા તેમની જરૂરીયાતો પૂરી પાડો. યુવકો વૃદ્ધોને અંધશ્રદ્ધાળુ કહે અને વૃદ્ધો યુવકોને નાસ્તિક કહે તે ઇચ્છવાજોગ નથી. જમાનાને ઓળખીને ચાલશો તો ધર્મની રક્ષા થશે. યુવકો મહાન થશે તો શાસનનું રક્ષણ કરશે, શાસનને દીપાવશે.

શ્રી આનંદસાગરજીસૂરિજીએ " આસ્તિકોનું કર્તવ્ય " સંબંધી કરેલ વ્યાખ્યાનમાં શ્રી વિજયવલ્લભસૂરિજી મહારાજ તેમજ શ્રી મહાવીર વિદ્યાલય અને કેળવણી પ્રત્યે કરેલા અસત્ય આક્ષેપો માટે જૈન, મુંબઇસમાચાર, સાંજવર્તમાન, જૈનજીવન, સુઘોષા, વગેરે પેપરોમાં ઘણા લેખકોએ લેખોદ્વારા અને શ્રી જૈન યુથલીગ મુંબઇ, તથા અમદાવાદ. શ્રી જૈન એસોસીએશન ઓફ ઈંડીયા મુંબઇ, શ્રી પાટણ જૈન સંઘ–પાલણપુર જૈન સંઘ–વડોદરા જૈન સંઘ–શ્રી પંજાબ આત્માનંદ જૈન મહાસભા ( જૈનસંઘ ) વગેરેએ પણ ઠરાવો કરી પોતાનો ખેદ જાહેર કરેલો છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# વર્તમાન સમાચાર.

## શ્રી આત્માનંદ જૈન મહાસભા પંજાબનો સખ્ત વિરોધ.

### આચાર્ય આનંદસાગરની વિષમય જવાલાઓ જૈન સમાજ અને જૈન ધર્મને માટે ખતરનાક.

શ્રી આત્માનંદ જૈન મહાસભા પંજાબની આઠમી બેઠક લુધ્યાનામાં દેહલી નિવાસી બાબુ જસવંતરાયની અધ્યક્ષતામાં તા. ૨૯, ૩૦, ૩૧ મી ડીસેંબરે થઇ હતી. જ્યાં પંજાબના બધા શહેરો અને ગામોથી ૨૦૦ પ્રતિનિધિઓ અને વિશેષ સંખ્યામાં વિઝીટરો પધાર્યા હતા. જેઓ માં નિમ્ન લિખિત મહાનુભાવોના નામો વિશેષ ઉલ્લેખનીય છેઃ—

બાબુ ગોપીચંદ ( પ્રધાન મહાસભા ) એડવોકેટ અંબાલા.
બાબુ જસવંતરાય જૈન દેહલી પ્રધાન મહાસભા અધિવેશન.
બાબુ નેમદાસ બી. એ. મંત્રી મહાસભા.
લાલા સંતરામ બેંકર અને મ્યુનિસિપાલ કમિશનર' અંબાલા.
લાલા રતનચંદ બેંકર રઇસ, અંબાલા.
બાબુ રિખવદાસ, બી. એ. એલ. એલ. બી. વકીલ, અંબાલા.
બાબુ જ્ઞાનદાસ બી. એ. અંબાલા.
લાલા બાબુરામ, એમ. એ, એલ. એલ. બી. વકીલ, જીરા.
લાલા અમરચંદ બી. એ. એલ. એલ. બી. વકીલ, કસૂર.
પ્રો. જ્ઞાનચંદ એમ. એ. ગવર્નમેંટ કૉલેજ લાહોર.
લાલા બાબુરામ બી. એ. એલ. એલ. બી. વકીલ નારોવાલ.
લાલા માનેકચંદ રઇસ, ગુજરાનવાલા.
લાલા ચરણદાસ રઇસ, ગુજરાનવાલા.
લાલા લધ્ધેશાહ રઇસ રામનગર
લાલા હરદયાલમલ, રઇસ, જાનગાહ ડોગરાન.
લાલા દોલતરામ, બી. એ. એડવોકેટ હોસ્યારપુર.

અન્ય પ્રસ્તાવોની સાથે પાસ કરેલો નીચેનો ઠરાવ આચાર્ય આનંદસાગરના છપ્યાં અને દ્વેષભર્યાં વ્યાખ્યાનનો જવાબ આપે છે.

આચાર્ય આનંદસાગરે ' આસ્તિકોનું કર્તવ્ય ' એ વિષયપર અમદાવાદમાં જે વ્યાખ્યાન માં પ્રાતઃ સ્મરણીય, ચારિત્રશીલ, જૈન સમાજ ઉદ્ધારક અને શિક્ષાપ્રચારક આચાર્ય શ્રી વિજય વલ્લભસૂરિજી અને જૈન શિક્ષણ સંસ્થાઓપર જે ગેરવ્યાજબી હુમલાઓ કર્યા છે તેને શ્રી આ-ત્માનંદ જૈન મહાસભા પંજાબનો આ જલસો સખ્ત ઘૃણાથી જુએ છે અને આચાર્ય આનંદ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સાગરના આવા ઇર્ષ્યા અને દ્વેષથી ભરેલાં વિષમય વ્યાખ્યાનોને સમાજની ઉન્નતિને માટે સખ્ત ખતરનાક સમજે છે. સાથ જબરદસ્ત પ્રોટેસ્ટ કરીને તેમને ચેતવી દે છે કે તેઓ પોતાના ગેર-વ્યાજબી શબ્દો પાછા લઇલ્યે અને ભવિષ્યમાં એવા સમાજને ઉંધે રસ્તે દોરનારા વ્યાખ્યાનો અને કામો બંધ કરે. (ઉર્દૂપરથી.)

## શ્રી જૈન આત્માનંદ સભા–ભાવનગરની જનરલ મીટીંગ.

**"આચાર્યશ્રી સાગરનંદસૂરિએ અમદાવાદમાં તા. ૧૨ મી ડીસેમ્બરના રોજ કરેલ ભાષણમાં જાહેર કરેલાં વિચારો સામે વિરોધ દર્શાવવા તા. ૧૬–૧–૧૯૨૯ નારોજ મળી હતી. જેમાં નીચેના ઠરાવો સર્વાનુ-મતે પસાર કરવામાં આવ્યાં હતાં.**

**ઠરાવ ૧ લો.**

આચાર્ય સાગરનંદસૂરિએ અમદાવાદમાં તા. ૧૨–૧૨–૧૯૨૮ ના રોજ કરેલું વ્યાખ્યાન કે, જે વર્તમાન પત્રોમાં છપાયેલું છે. તેમાં શ્રી સંઘના બે મુખ્ય અંગ સાધુ, શ્રાવકોની આસ્તિક, નાસ્તિકની કપોલ કલ્પીત કલ્પના કરી જે વિવેકહિન અસત્ય ઉદ્‌ગારો કાઢયા છે, તેમજ આચાર્ય મહારાજશ્રી વિજયવલ્લભસૂરિજી વગેરે મુનિપરત્વે ઇર્ષા પૂર્ણ અને અસત્ય આક્ષેપો કર્યા છે. તે માટે, તેમજ શ્રી સંઘના મહાન પ્રયત્નથી સ્થાપીત થયેલ અને વ્યવહારિક તેમજ ધાર્મિક કેળવણીનું શિક્ષણ આપતી શ્રી મહાવીર જૈન વિદ્યાલય વગેરે સંસ્થા અને કેળવણી ઉપર અયોગ્ય પ્રહારો કરેલ છે તે સામે આ સભા ખેદ સાથે પોતાનો સખ્ત વિરોધ જાહેર કરે છે.

**ઠરાવ ૨ જો.**

ન્યાયાંભોનિધિ પ્રાતઃ સ્મરણીય **શ્રી વિજયાનંદસૂરિશ્વરજી** મહારાજના પટ્ટધર બાળ બ્રહ્મચારી, શુદ્ધ ચારિત્ર ધારી, સમયજ્ઞ, **શ્રીમાન્ વિજયવલ્લભસૂરિજી** મહારાજ સમય ધર્મ ઓળખી જૈન સમાજની ઉન્નતિ માટે જે ઉપદેશો અને પ્રયત્નો કરી રહ્યા છે, તે માટે આ સભા પોતાનો અંતઃકરણ પૂર્વક આનંદ અને સહાનુભૂતિ જાહેર કરે છે, અને તેઓશ્રીમાં પોતાનો સંપૂર્ણ વિશ્વાસ મૂકે છે.

**જયંતી**—માગશર વદ ૬ નારોજ પ્રાતઃસ્મરણીય શ્રીમાન્ **મૂળચંદજી મહારાજની** સ્વર્ગવાસ તીથી હોવાથી તેઓશ્રીની પાદુકા પ્રતિષ્ઠીત કરી દાદા સાહેબના જિનાલાયમાં દેરીમાં પધરાવેલ છે, જેથી આ મહા પુરૂષની ભકિત નિમિત્તે તેઓશ્રીના સુશિષ્યના ઉપદેશવડે આ સભાને મળેલ એક રકમ અને બાકી અમુક ગૃહસ્થો દરવર્ષ અમુક રકમ આપતા હોવાથી તેથી શ્રી જૈન આત્માનંદ સભા (અમારા) તરફથી દાદા સાહેબના જિનાલયમાં ઉકત ગુરૂશ્રીની ભકિત નિમિત્તે પૂજા ભણાવવામાં આવી હતી, તથા આંગી રચવામાં આવી હતી. બપોરના સ્વામિવાત્સલ્ય ( સભાસદોનું ) પણ કરવામાં આવ્યું હતું. આ ગુરૂરાજની ભકિત નિમિત્તે થયેલું ફંડ ખુલ્લું છે, તે ગુરૂરાજના ભકતોએ તેમાં ફાળો આપી દર વર્ષે થતી ગુરૂ ભકિતનો લ્હાવો લેવા જરૂર છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# સ્વીકાર અને સમાલોચના.

**જૈનદર્શન**—અનુવાદક મુનિ તિલકવિજયજી, પ્રકાશક આત્મતિલક ગ્રંથ સોસાઇટી-પુના જૈનદર્શન અને તેના તત્ત્વોનું સ્વરૂપ આ ગ્રંથમાં આપવામાં આવ્યું છે. પ્રયાસ ઉત્તમ છે અને પઠન કરવા યોગ્ય ગ્રંથ છે.

**ચરિતાવલી**—પ્રથમ ભાગ-પ્રકટ કર્ત્તા માસ્તર પોપટલાલ સાકલચંદ. જુદી જુદી આઠ કથાઓ ચરિતાવળીમાંથી લઇ આ બુકમાં પ્રકટ કરી છે. એજ્યુકેશન બોર્ડના અભ્યાસક્રમમાં ચલાવવા નક્કી થયેલ છે જેથી આવી બુકોના કાગળો ટાઇપ અને બાઇંડીંગ હમેશાં સારૂં અને મજબુત અને ટકાઉ માટે દરેક પ્રકટ કરનારે પ્રયત્ન કરવો જોઇએ.

**આદર્શ જૈન**—લેખક શ્રીયુત બંસી. બીજી આવૃતિ આ બુક ઘણા સુધારા વધારા સાથે બીજીવાર પ્રકટ થયેલ છે. ભાવો વિચારવા, સમજવા, શાંતિપૂર્વક વાંચવા ભલામણ કરીએ છીએ. તેમાંનાં ભાવો જીવનમાં રસ મુકે છે. નવીન પ્રેરણાની તાજગી પુરે છે. કિંમત ચાર આના.

**સંદેશ અને ભાવના**—શ્રી જૈન સસ્તું સાહિત્ય પ્રચારક કાર્યાલય નં. ૬ કલોલ કિંમત છ પાઇ આજનો આપણો વાણીયો કેવો છે તેનું સ્વરૂપ સમયોચિત જણાવ્યું છે જે વાંચવા જેવું છે.

**આત્મદર્શન**—પ્રકટ કર્ત્તા શ્રી જૈન સસ્તુ સાહિત્ય પ્રચારક કાર્યાલય નંબર ૫ શ્રી આઠ પૂર્વાચાર્યોના આત્મસ્વરૂપના વિચારો પદ્યરૂપે આ બુકમાં પ્રકટ કરેલ છે. જે વાંચતા અધ્યાત્મ ભાવને ઉત્પન્ન કરવા સાથે તત્ત્વજ્ઞાનનું પણ ભાન કરાવે છે. સસ્તું સાહિત્ય નામ આપવામાં આવ્યું છે તે યોગ્ય છે બુક પઠન પાઠન કરવા જેવી છે કિંમત છ પાઇ.

**શ્રી સામાયિક સૂત્ર**-સંયોજક શ્રીયુત મોહનલાલ દલીચંદ દેશાઇ—મુંબઇ પ્રકાશક શ્રીયુત સારાભાઇ મગનભાઇ મોદી બી. એ. બાર—મુંબઇ. આ બુકની આ બીજી આવૃતિ છે. જેમાં મૂળ સૂત્ર સાથે છાયા, વિધિ, હેતુ અને વિવેચન છે. યોજક બંધુ મોહનલાલ દેશાઇએ પ્રયત્ન સારો કર્યો છે. પ્રથમ આવૃતિ કરતાં આ આવૃતિમાં અનેક નવિન હકીકતો જે જે વિશેષ સામાયક સૂત્ર સંબંધી પ્રાપ્ત થયું તે તમામ વિશેષમાં દાખલ કરેલ છે. વસ્તુ અભ્યાસ કરવા લાયક પ્રાથમિક શિક્ષણને ઉપયોગી બનેલ છે. જેમ લેખક સંશોધક, પ્રયત્નવાન સાહિત્ય રસિક છે, તેમજ પ્રકાશક મહાશય કેળવણીના સહાયક અને ધાર્મિક શિક્ષણ પર પ્રેમ ધરાવનાર હોવાથી યોજક પ્રકાશકનો મેળ આ બુકમાં સ્વાભાવિક મળ્યો હોઇ ખુશી થવા જેવું છે અને પ્રકાશક મહાશયના તે પ્રેમને લઇને જ તેમજ વસ્તુ યોગ્ય બની હોવાથી પુરૂષ, સ્ત્રી, વિદ્યાર્થી ધાર્મિક પરીક્ષા માટે એક પાઠય પુસ્તક તરીકે કેળવણી બોર્ડે દાખલ કર્યું છે. કાગળો તથા છાપ પણ સુંદર છે. ધાર્મિક શાળાઓમાં પ્રાથમિક અભ્યાસ માટે આ બુકને સ્થાન મળવું જ જોઇએ.

**૭ પ્રાતર્મંગળ પાઠ**—પ્રકાશક શ્રી વર્દ્ધમાન જ્ઞાન મંદિર--ઉદેપુર કિંમત છ પાઇ, સંપાદક યતિ અનુપચંદ્રજી, ચોવીશ જિનેશ્વર મહારાજની સ્તુતિઓ આ બુકમાં દાખલ કરેલ છે. શ્રી મેઘ મુનિ નામના સાધુ મહારાજ રચિત છે એમ છેવટે જણાવેલ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**પ્રેમ-ગીતા**—રચયિતા શ્રીમદ્ બુદ્ધિસાગરજી સૂરીશ્વરજી પ્રકાશક શ્રી અધ્યાત્મ જ્ઞાન પ્રસારક મંડળ હા. વકીલ મોહનલાલ હેમચંદ-પાદરા શ્રી બુદ્ધિસાગરજી સૂરિજી ગ્રંથમાળાનો આ ૧૧૦ મો મણુકો છે. ઉકત આચાર્યશ્રીએ પોતાના જીવનમાં ઘણું સાહિત્ય લખેલ છે, કે જે તેમની હૈયાતિ બાદ પણ પ્રકટ થયા કરે છે. આ મૂળ ગ્રંથ સંસ્કૃતમાં છે તેનું સંશોધન શ્રીમદ્ આચાર્યશ્રીના શિષ્ય આચાર્યશ્રી અજીતસાગરજી મહારાજે કરેલ છે. ગ્રંથનો વિષય શુદ્ધ અતિ પ્રેમ જણાવનાર ગંભીર છે. સાથે સદ્ગત આચાર્યનું ટુંક જીવન સુશિષ્ય આચાર્યશ્રી અજીતસાગરજી મહારાજે લખી ગુરૂ ભકિત બતાવી છે. આ ગ્રંથનું ભાષાંતર મૂળ સાથે પ્રકટ થવાથી ઘણા જીવો તેનો લાભ લઇ શકશે તેમ થવા પ્રકાશકને સૂચના કરવામાં આવે છે.

## રીપોર્ટો.

નીચેના રીપોર્ટો મળ્યા છે, સાભાર સ્વીકારવામાં આવે છે.

૧ **શ્રી પાર્શ્વ ચિંતામણિ સાર્વજનિક વાંચનાલય**-કચ્છ—સં. ૧૯૮૪ ના શ્રાવણ-થી સં. ૧૯૮૫ ના આશો વદી ૦)) સુધી )

૨ **મ્હેસાણા શ્રી યશોવિજયજી જૈન સંસ્કૃત ઠશાળા તથા શ્રો જૈન સંસ્કૃત પાઠશાળા તથા જૈન કેળવણી ખાતું.**—( સં. ૧૯૮૦-૮૧-૮૨ ત્રણ વર્ષનો ).

૩ **શ્રી મહાવીર જૈન વિદ્યાલય તેરમો વાર્ષિક રીપોર્ટ**-મુંબઇ—( જુન ૧૯૨૭ મે સં. ૧૯૨૮ ).

૪ શ્રી પન્યાસજી શ્રી મુકિતવિમળજી મહારાજ જૈન પાઠશાળા તથા શ્રાવિકાશાળાનો સં. ૧૯૮૩ ના કારતક થી સં. ૧૯૮૪ ના આશો વદી ૩૦ સુધીનો.

## [1]સુધારો.

અમારી સભા તરફથી પંચપ્રતિક્રમણની બુક શાસ્ત્રી ટાઇપમાં અર્થ સાથે બહાર પડેલી છે તેમાં **आयरिअउवज्झाए** સૂત્રમાં **जे मे केइ कसाया** ની સંસ્કૃત છાયા **ये मे केचित्कषायाः** દર્શાવેલ છે, આગ્રા તરફથી પં. સુખલાલજી મારફત બહાર પડેલી બુકમાં પણ તે પ્રમાણે છાયા દાખલ થયેલી છે, તેને બદલે આવશ્યક સૂત્ર હારિભદ્રીયા ટીકા ( ચોથો ભાગ-આગમોદય સમિતિ પા. ૭૮૫ ) આ રીતે સંસ્કૃત છાયા છે.

**आचार्योपाध्यायान् शिष्यान् साधर्मिकान् कुलगणांश्चये मया केऽपि कषायिताः सर्वान् त्रिविधेन क्षमयामि** જેનો અર્થ આ પ્રમાણે થઇ શકે છે.

“ જે કોઇને મારાવડે કષાય ઉપજાવાયો હોય તેવા આચાર્યો, ઉપાધ્યાયો, શિષ્યો, સાધર્મિકો, કુલો અને ગણો સર્વને ત્રિવિધે મન વચન કાયાથી હું ખમાવું છું. ”

૧ સદ્ગુણાનુરાગી મુનિરાજ શ્રી કર્પૂરવિજયજી સૂચિત.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## ભાઇ મહેન્દ્રકાન્ત હિંમતલાલનો સ્વર્ગવાસ.

લીંબડી નિવાસીભાઇ મહેન્દ્રકાન્ત માત્ર ટુંકા દિવસની બિમારી ભોગવી લઘુ વયમાં સ્વર્ગવાસ પામ્યા છે. એક સુગંધ યુક્ત કળી ખીલ્યા પહેલાં, પોતાની સુવાસ પોતાના કુટુંબીજનોને બતાવ્યા પહેલાં કરમાઇ ગયેલી છે. ભાવિભાવ બળવાન છે. કાળની ગતિ જ્ઞાની મહાત્માઓજ જાણી શકે છે. તેઓ આ સભાના સભાસદ હતા, જેથી આ સભાને પણ પારાવાર દુઃખ થાય છે. તેમની માતુશ્રી અને કુટુંબીજનોને દિલાસો આપવા સાથે તે પવિત્ર આત્માને અખંડ શાંતિ પ્રાપ્ત થાઓ તેમ ઇચ્છીએ છીએ.

## જૈન સસ્તી વાંચનમાળાના ગ્રાહકોને :—

અમારા ગ્રાહકોને ચાલુ સાલના પુસ્તકો માગશર માસમાં વી–પી–થી મોકલવાનું અમોએ જણાવેલ. પરંતુ શ્રી **અજારા પાર્શ્વનાથ ચરિત્ર**ના પુસ્તકની વધુ ઇતિહાસિક હકીકત મેળવવામાં ઢીલ થવાથી તે છપાય છે, જેથી પોષ માસની આખરીએ વી. પી. શરૂ થશે.

**વધારામાં અમારા ગ્રાહકોને નીચેનો લાભ આપવાનો છે.**

જેમને જરૂર હોય તેમણે મંગાવી લેવા કૃપા કરવી. કારણ કે દરેકની ૪૦૦ નકલ ઘટાડેલ ભાવે ગ્રાહકોને આપવાની છે.

૧. ગુર્જરેશ્વર કુમારપાળ. સચિત્ર. મોટી સાઇઝ પૃષ્ટ ૪૫૦ પાકું પુઠું. ઇતિહાસિક રસીક દલદાર ગ્રંથ જેની કિંમત રૂા. ૪) છે તે રૂા. ૨–૪–૦ માં મલશે.

૨. વિમલમંત્રીનો વિજય યાને ગુજરાતનું ગૌરવ મોટી સાઇજ પૃષ્ટ ૨૨૫ પાકું પુંઠું ઇતિહાસિક રસિક પુસ્તક જેની કિંમત રૂા. ૨) છે. તે રૂા. ૧–૪–૦

૩. કચ્છ ગીરનારની મહાયાત્રા, પૃષ્ટ ૩૫૦ પાકું રેશમી પુંઠું ૩૦ ચિત્રો સાથે જેની કિં. રૂા. ૨–૮–૦ છે તે રૂા. ૧–૧૨–૦ માં મલશે.

ત્રણે પુસ્તક સાથે મંગાવનારને રૂા. ૫) માં અને છૂટક જણાવેલી ઘટાડેલી કિંમતે મલશે. પોસ્ટ ખર્ચ જુદું. સિવાય કોઇપણ સંસ્થાના પુસ્તકો અમારી પાસેથી મલી શકશે.

લખો—જૈન સસ્તી વાંચનમાળા–રાધનપુરી બજાર–**ભાવનગર.**

રૂબરૂ લેવા માટે—**પાલીતાણા**–જૈન સસ્તી વાંચનમાળા શાખા ઓફીસ.

**અમદાવાદ**–શેઠ હરીલાલ મુળચંદભાઈ. ઠે. રતનપોળ શેઠનીપોળ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# નવ સુંદરીનું સૃજનવિધાન.

" સૃષ્ટિને સૃજતાં પરબ્રહ્મને યે યોગમાયાનાં અવલંબન આલંબવા પડે છે. તો એકલ પંખાળો પુરૂષ કેટલુંક ઘડવાનો હતો ? કે કેટલુંક સૃજવાનો હતો ? જગત્ સંસ્કૃતિ ઘડતો ભારતનો નવબ્રાહ્મણ કાલે જન્મશે ત્યારે નવ સુંદરી યે શીલમૂર્તિને સૌભાગ્યમૂર્તિ અવતરશે. કોઇ કીર્તિમૂર્તિ, કોઇ લક્ષ્મીમૂર્તિ, કોઇ વાણીમૂર્તિ, કોઇ સ્મૃતિમૂર્તિ, કોઇ મેધામૂર્તિ, કોઇ ધૃતિમૂર્તિ, કોઇ ક્ષમામૂર્તિ, કોઇ દયામૂર્તિ, ભક્તિમૂર્તિ, પ્રીતિમૂર્તિ, કોઇ વીરતામૂર્તિ, રસમૂર્તિ, પ્રેરણામૂર્તિ, કવિતામૂર્તિ, કલ્યાણમૂર્તિ, નવસુંદરી કુલે કુલે અવતરી હશે; ધાવને ધાવણે નહિ, પોતાનાં હૈયાનાં હીરે ભારતની મહા પ્રજાને ઉછેરતી હશે; પવિત્ર ને પાવનકારિણી કુલકુલને તારતી હશે; સંસારને નિર્મળી છાંટી નિર્મળો કીધો હશે. ભારતનો પુરૂષસંઘ જગત્ધોરી જેવો પૃથ્વીનાં પડ ખેડતો હશે. વિધિ લખાવે ને વિધાત્રી લખે એમ, ત્યારે ભારતનો પુરૂષસંઘ માનવકુલનાં ભાગ્ય ઘડતો હશે. ભારતનો સુંદરીસંઘ માનવકુલનાં ભાગ્ય ત્યારે લખતો હશે. પૃથ્વી અને આભ જેવો, લક્ષ્મી અને નારાયણ જેવો, પ્રકૃતિ અને પુરૂષ જેવો, યોગમાયા અને પરબ્રહ્મ જેવો સ્રી પુરૂષનો પરસ્પર સંબંધ છે. પુરૂષનાં બુદ્ધિ પુરૂષાતન સૃજશે ને નારીની હૃદયભાવનાઓ નવસંસ્કૃતિને ધરાવશે. માનવકુલને મસ્તક વિનાયે નહિ ચાલે, હૈયા વિના યે નહિ ચાલે. Super–Women વિના ભારતના Super–Man ના જીવનકોડ પણ પૂર્યાં ને અધૂરા રહેશે. પાંખને આધારે પંખી ઉડે છે, નારીને આધારે નર ઉડે છે, નરનાં મહા કર્તવ્યોની પ્રેરણા નારી છે; ભીમસેનનાં ભીમ કર્મોની પ્રેરણા દ્રૌપદીની છુટ્ટી વેણી હતી. કુરૂક્ષેત્રનો મહાસંગ્રામ એટલે વેણી–સંહાર. જ્યાં નારીપ્રેરણા નથી ત્યાં નર નિષ્પંખાળો છે; ચાલી શકે, ઉડી નં શકે. પણ શું ભારતમાં કે શું અન્ય દેશે ઇતિહાસ સૃષ્ટા, કાળને ઘડનારાં, પડતા આભને ક્ષણિક થંભો દેતા, પૃથ્વી–સોહન્તાં Super–Man કે Super–Women ધર્મના, નીતિના, સત્યના, પરમેશ્વરના પરિત્યાગથી નહિ, પરિપાલનથી પાકશે. મંદિરો તજનારા નહિ, કલઓને માત્ર સેવનારા નહિ; મયદાનની મર્દાનગીને જીતનારા ને ધર્મનીતિની ભગવી પામરી ઓઢેલા દયાનન્દ, વિવેકાનન્દ, ને રામતીર્થ નવભારતનો જગત્ કલ્યાણનો મહાસન્દેશ માનવકુળને સંભળાવશે. ત્યારે નવભારતની શીલમૂર્તિ–સૌન્દર્યમૂર્તિ નવસુન્દરી ચન્દ્રની ચન્દ્રિકા સમી અમૃતઝરણી ને અન્ધકાર અજવાવણ હારિણી જગતઝરૂખે વિરાજતી હશે. એ ધન્યતિથિઓનાં પ્રભાત પ્રભુ સત્વર પ્રગટાવે ! "

**શ્રી કવિ ન્હાનાલાલ.**

For Private And Personal Use Only